" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue - 251 | AD - 2025, Jeth Vad - 04 | Sunday, Dt.15-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### તપાસ સમિતિની રચના કરવામાં આવી છે જેનો રિપોર્ટ ત્રણ મહિનામાં આવશે

# અમદાવાદ વિમાન અકસ્માતે સમગ્ર દેશને હચમચાવી નાખ્યો : કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી

નવીદિલ્હી,તા.૧૪

ઉડ્ડયન મંત્રાલયે શનિવારે અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન અકસ્માત સંબંધિત માહિતી આપવામાં આવી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે અકસ્માત બપોરે ૧.૪૦ વાગ્યે થયો હતો. જ્યારે આગને સાંજે ૬ વાગ્યે કાબુમાં લઈ શકાઈ હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે અકસ્માત એરપોર્ટથી ૨ કિમી દૂર થયો હતો. વિમાનનું બ્લેક બોક્સ મળી ગયું છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે. અમે શું થયું તે જાણવાની પણ રાહ જોઈ રહ્યા છીએ. ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ સચિવના નેતૃત્વમાં એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, જે તેનું કામ કરી રહી છે. તેનો રિપોર્ટ ત્રણ મહિનામાં આવશે. તમને જણાવી દઈએ કે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૨૭૪ થઈ ગઈ છે. મુસાફરો ઉપરાંત સ્થાનિક લોકો પણ આમાં સામેલ છે. કાટમાળ દૂર કરવાનું કામ હજુ પણ સ્થળ પર ઝડપી ગતિએ ચાલી રહ્યું છે અને લગભગ ૧૦ કામદારો કાટમાળ દૂર કરવામાં રોકાયેલા છે. તમને જણાવી દઈએ કે ગુરુવારે બપોરે લંડનના ગેટવિક જઈ રહેલ એર ઈન્ડિયાનું વિમાન અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભર્યાની થોડી મિનિટો પછી રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા. જેમાંથી ફક્ત એક જ વ્યક્તિ અકસ્માતમાં બચ્યો છે. અકસ્માતને ૩૦ કલાકથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ અત્યાર સુધી માત્ર ૯ પીડિતોના મૃતદેહ ઓળખ બાદ તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે.




અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ શનિવારે રાજધાની દિલ્હીમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે - અકસ્માતની તપાસ પહેલા દિવસથી ચાલી રહી છે. કેન્દ્રીય ગૃહ સચિવના નેતૃત્વમાં એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. જે ૩ મહિનામાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે. તેમણે એ પણ માહિતી આપી કે બ્લેક બોક્સ મળી ગયું છે. એએઆઈબી દ્વારા ટેકનિકલ તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું, ×છેલ્લા બે દિવસ ખૂબ જ મુશ્કેલ રહ્યા છે. અમદાવાદ એરપોર્ટ નજીક થયેલા અકસ્માતથી આખો દેશ આઘાતમાં છે. આ અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારા તમામ પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. શું કરવું જોઈએ, શું સહાય પૂરી પાડવી જોઈએ તે જોવા માટે હું જાતે ઘટનાસ્થળે ગયો હતો અને ગુજરાત સરકારનું પણ આ જ વલણ હતું. તેમણે વધુમાં કહ્યું કે ભારત સરકાર અને મંત્રાલયના અન્ય લોકોનું પણ આ જ વલણ હતું. જ્યારે અમે ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે અમે જોયું કે તમામ સંબંધિત વિભાગોની ટીમો જમીન પર કામ કરી રહી હતી, શક્ય તેટલી બચાવ કામગીરી કરવાનો પ્રયાસ કરી રહી હતી, આગ કાબુમાં લેવાનો અને કાટમાળ દૂર કરવાનો પ્રયાસ કરી રહી હતી, જેથી મૃતદેહોને શોધી શકાય અને તેમને શક્ય તેટલી વહેલી તકે હોસ્પિટલમાં મોકલી શકાય. એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો તાત્કાલિક સક્રિય કરવામાં આવ્યું હતું, જે ખાસ કરીને તપાસ માટે બનાવવામાં આવ્યું હતું. એએઆઈબી દ્વારા હાથ ધરવામાં આવેલી ટેકનિકલ તપાસમાંથી એક મહત્વપૂર્ણ અપડેટ એ છે કે ગઈકાલે સાંજે ૫ વાગ્યાની આસપાસ ઘટનાસ્થળેથી બ્લેક બોક્સ મળી આવ્યું છે. એએઆઈબી ટીમ માને છે કે બ્લેક બોક્સના ડીકોડિંગથી અકસ્માત પ્રક્રિયા દરમિયાન અથવા અકસ્માત પહેલાની ક્ષણોમાં ખરેખર શું થયું હતું તે વિશે ઊંડાણપૂર્વક માહિતી મળશે. AAIB દ્વારા સંપૂર્ણ તપાસ પછી કયા પરિણામો અથવા અહેવાલો બહાર આવશે તે જાણવા માટે અમે આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમીર કુમાર સિંહાએ મીડિયાને આ કેસ વિશે વિગતવાર માહિતી આપી હતી.




## ઈઝરાયલી વાયુસેનાએ તેહરાનમાં વિનાશ વેર્યો : ઈરાને આપ્યો જવાબ

તેહરાન,તા.૧૪

ઈરાનના તેલ અવીવ પર હુમલા પછી, ઈઝરાયલી વાયુસેનાએ તેહરાનમાં વિનાશ વેર્યો છે. સુત્રોના જણાવ્યા અનુસાર ડઝનેક ઈઝરાયલી વાયુસેનાના વિમાનોએ રાતોરાત તેહરાનમાં હવાઈ હુમલા કર્યા હતા. આમાં, ઈરાનની હવાઈ સંરક્ષણ પ્રણાલીને નિશાન બનાવવામાં આવી હતી. ઈઝરાયલી વાયુસેનાના વડા ટોમર બારના જણાવ્યા અનુસાર, યુદ્ધ શરૂ થયા પછી પહેલીવાર, વાયુસેનાના વિમાનોએ ઈરાનની સરહદમાં ૧૫૦૦ કિમી અંદર જઈને ચોક્કસ હુમલા કર્યા. ઈરાની સેનાએ ઉત્તરપશ્ચિમમાં એક મિશન પર ઈઝરાયલી



ડ્રોનને તોડી પાડ્યું હતું. ઈરાન ઈઝરાયલ પર જવાબી હુમલો કરી રહ્યું છે. આ ડ્રોન હુમલાઓને સતત નિષ્ફળ બનાવવામાં આવી રહ્યા છે, ખાસ કરીને અરવા પ્રદેશ અને દક્ષિણ પશ્ચિમ કાંઠાને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. બંને વિસ્તારોમાં સાયરન સતત વાગી રહી છે. ઈરાન ઈઝરાયલના હાઈફા વિસ્તાર પર પણ હુમલો કરી રહ્યું છે. ઈરાને હાઈફા પર બેલિસ્ટિક મિસાઈલ ફાયર કરી હતી. ઈરાને ઈઝરાયલ પર ૭ રાઉન્ડ મિસાઈલ ફાયર કર્યા હતા.

## રાજસ્થાનમાં ગરમીએ ૯૧ વર્ષનો રેકોર્ડ તોડ્યો, શ્રીગંગાનગરમાં ૪૯.૪ ડિગ્રી તાપમાન

જયપુર,તા.૧૪

રાજસ્થાનમાં ભીષણ ગરમીએ અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. રાજ્ય ૯૧ વર્ષ પછી આટલી તીવ્ર ગરમીનો અનુભવ કરી રહ્યું છે. રાજસ્થાન હાલમાં દેશમાં સૌથી વધુ ગરમીનો અનુભવ કરી રહ્યું છે. શ્રીગંગાનગરમાં દેશમાં સૌથી વધુ તાપમાન ૪૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જયપુરના હવામાન કેન્દ્ર અનુસાર, ગંગાનગરમાં મહત્તમ તાપમાન ૪૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર,



ચુરુમાં મહત્તમ તાપમાન ૪૭.૬ ડિગ્રી, જેસલમેરમાં ૪૬.૯ ડિગ્રી, બિકાનેરમાં ૪૬.૪ ડિગ્રી, જોધપુરમાં ૪૬.૩ ડિગ્રી, ફલોદી અને બાડમેરમાં ૪૬.૨ ડિગ્રી, પિલાનીમાં ૪૫.૪ ડિગ્રી, લુંકરનસરમાં ૪૫.૨ ડિગ્રી, પાલી અને ફતેહપુરમાં ૪૫ ડિગ્રી સેલ્સિયસ હતું.




## ભારતનો ખોટો નકશો બતાવવા બદલ ઈઝરાયલી સેનાએ માફી માંગી

નવીદિલ્હી,તા.૧૪

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે તેની ભૂલ બદલ માફી માંગી છે જેમાં ભારતની આંતરરાષ્ટ્રીય સરહદ ખોટી રીતે દર્શાવીને જમ્મુ અને કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ બતાવવામાં આવ્યો હતો. ભારતનો આ ખોટો નકશો ઈઝરાયલી ડિફેન્સ ફોર્સે એકસ હેન્ડલ પર શેર કર્યો હતો. આ નકશો શેર થતાં જ સોશિયલ મીડિયા પર ટીકાઓનો પ્રવાહ ઉભરી આવ્યો. જ્યારે ઈઝરાયલી ડિફેન્સ ફોર્સને તેની ભૂલનો અહેસાસ થયો, ત્યારે તેણે માફી માંગી. જોકે, ઈઝરાયલી સંરક્ષણ દળે કહ્યું કે તે યોગ્ય નકશો નથી, તે ફક્ત વિસ્તારનું ચિત્રણ હતું. ખરેખર, ઈઝરાયલી સંરક્ષણ દળે નકશામાં મુખ્યત્વે ઈરાનનું ચિત્રણ કર્યું હતું અને તેની મિસાઈલ રેન્જમાં આવતા વિસ્તારોને પૃષ્ઠભૂમિમાં રાખ્યા હતા. આ પૃષ્ઠભૂમિ ભાગમાં ભારતના નકશામાં ભૂલો દેખાતી હતી. આમાં, જમ્મુ અને કાશ્મીરનો એક ભાગ પાકિસ્તાનમાં દર્શાવવામાં આવ્યો હતો. ભારતીય વપરાશકર્તાઓએ આ ભૂલ માટે ઈઝરાયલી સંરક્ષણ દળની ટીકા કરવાનું શરૂ કર્યું અને તેને પાછું લેવા માટે વિનંતી કરવાનું શરૂ કર્યું હતું.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી



રવિવાર, તા. ૧૫-૦૬-૨૦૨૫

## કુંકાવાવ, વડીયા, ધારી તાલુકામાં વરસાદનું આગમન, આગોતરા વાવેતરને ફાયદો થશે

# અમરેલી જિલ્લામાં મેઘરાજાનું આગમન

**કેટલાક ગામોમાં વાવણીલાયક વરસાદના વાવડ**





અમરેલી, તા.૧૪

મે મહિનામાં અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ ખાબક્યો હતો ત્યારબાદ લાંબા સમય પછી વિધિવત રીતે ચોમાસાની છડી પોકારતા હોય તેમ અમરેલી જિલ્લામાં મેઘરાજાએ એન્ટ્રી કરી છે. અમરેલી શહેરમાં બપોર બાદ અસહ્ય ઉકાળાટ બાદ અડધા ઈંચ જેવો વરસાદ ખાબક્યો હતો. ધારી તાલુકાના કુબડા, ગોવિંદપુર સહિતના ગામોમાં પણ બપોર બાદ મેઘરાજાએ એન્ટ્રી કરી હતી. વડીયા તાલુકાના મોરવાડા સહિતના ગામોમાં જોરદાર પવન સાથે વરસાદ પડ્યો હતો. આ વરસાદથી આગોતરા વાવેતર કરેલા પાકોને ફાયદો થશે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી બે થી ત્રણ દિવસમાં જિલ્લામાં વાવણીલાયક વરસાદ થવાની શક્યતા છે. કુંકાવાવ તાલુકાના અમરાપુર સહિતના આજુબાજુના ગામોમાં વાવણીલાયક વરસાદના સમાચાર મળ્યા છે.

## અમદાવાદ પ્લેન દુર્ઘટનાના મૃતકોને અમરેલીમાં શ્રદ્ધાંજલિ : ભક્તિગીતો અને કેન્ડલ માર્ચ યોજાઈ



અમરેલી, તા.૧૪

અમદાવાદથી લંડન જઈ રહેલા પ્લેનમાં સર્જાયેલી ભયાનક દુર્ઘટનાએ આખા માનવ સમાજમાં શોક અને દુઃખની લાગણી પ્રસરાવી દીધી છે. આ દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુસર, અમરેલીના કોલેજ સર્કલ પાસે શ્રીવલ્લભ કરાઓકે ગ્રુપ દ્વારા એક ભક્તિ ગીતનો કાર્યક્રમ અને કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ગ્રુપના સભ્યો રાજેશભાઈ ગાંધી, કિશનભાઈ ખેર, રશ્મીબેન પરમાર, દ્વારકેશભાઈ સોની, હિતેશભાઈ સેજુ, કાશ્મીરાબેન સોની, જગદીશભાઈ પ્રજાપતિ, મનીષભાઈ ડોડીયા, ભાનુબેન સલખના, દીપકભાઈ ભટ્ટ તેમજ અમરેલીના અનેક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા અને દિવંગત આત્માઓને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## સાવરકુંડલાના ગુરુકુળમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા આત્માઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અપાઈ



સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલામાં શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની વિમાન દુર્ઘટનામાં અકાળે મૃત્યુ પામેલ આત્માઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદ દાસજી સ્વામીના વડપણ હેઠળ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ તેમજ ગુરુકુળ પરિવાર સાથે સમૂહ પ્રાર્થના, શ્રદ્ધાંજલિ ભજન, મૌન, શાંતિપાઠ અને મીણબત્તી સાથે શ્રધ્ધાસુમન સાથે કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા ગુરુકુળ સંસ્થાના કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી સાથે સંસ્થાના તમામ શિક્ષકો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દામનગર PM આવાસ યોજનામાં ૬ વર્ષના વિલંબનો મામલો

## શહેરી વિકાસ વિભાગે મ્યુનિસિપલ કમિશનર પાસે ખુલાસો માંગ્યો

**પાલિકા ઈજનેરની કામગીરીનું રિપોર્ટ કાર્ડ મગાવાયું**

દામનગર, તા.૧૪

દામનગર નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણમાં છેલ્લા છ વર્ષથી ચાલી રહેલા લાંબા વિલંબ અંગે રાજ્યના શહેરી વિકાસ વિભાગે ગંભીર નોંધ લીધી છે. રાજ્યના તકેદારી આયોગના પત્ર અને પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરની રજૂઆતને પગલે ગુજરાત સરકારે કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર સ્થિત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય દ્વારા મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન ગુજરાત રાજ્યના કમિશનરને પત્ર પાઠવીને આ મામલે ખુલાસો માંગવામાં આવ્યો છે. આ પત્રમાં ખાસ કરીને ૨૦૧૯ થી ૨૦૨૫ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજનાની એકપણ દરખાસ્તમાં અભિપ્રાય ન આપનાર પાલિકા ઈજનેરની કામગીરીનું રિપોર્ટ કાર્ડ તપાસી, તેમની સામે યોગ્ય કાર્યવાહી કરવા બાબતનો ઉલ્લેખ છે. પૂર્વ ધારાસભ્ય ઠુંમર, નટવરલાલ ભાટિયા સહિતના અગ્રણીઓની રજૂઆત બાદ શહેરી વિકાસ વિભાગે મ્યુનિસિપલ કમિશનરને પત્ર પાઠવી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી છે.

**પૂર્વ ધારાસભ્ય ઠુંમર અને તકેદારી આયોગની રજૂઆત બાદ રાજ્ય સરકારની કાર્યવાહી**

## દામનગરની કે.કે. નારોલા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્ટેશનરી-બેગનું વિતરણ



દામનગર, તા.૧૪

સુરતના પરમાર્થ ટ્રસ્ટ દ્વારા દામનગર શહેરની કે.કે. નારોલા પ્રાથમિક શાળા ખાતે દાતા દ્વારા વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, ચોપડા, નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સખાવતી દાતાઓમાં સુરત સ્થિત યૂરો ગુડ્સ મનહરભાઈ સાંસપરા, અરવિંદભાઈ જીવાણી અને મનીષ જીવાણી, ધીરુભાઈ, માધવજીભાઈ લેન્ડમાર્ક, એલાયન્સ સોલ્યુશન સુરત, વી.ડી. ગ્લોબલ સુરત, મુંબઈના આનંદ ઈન્ટરનેશલ, સુરતમાં સરસ્વતી ગૌશાળા શિહોરા પરિવાર વગેરે જોડાયા હતા.

## શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



અમરેલી, તા.૧૪

સંવેદનાનું શિક્ષણ આપતી સંસ્થા શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ૧૩ જૂન, ૨૦૨૫ના રોજ સવારની પ્રાર્થનાસભા દરમિયાન અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કરુણ ઘટના અંગે ધોરણ ૪ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વિમાન દુર્ઘટના અને બી.જે. મેડિકલ કોલેજ કેમ્પસમાં થયેલી જાનહાનિ અંગે જાણીને બાળકો શોકમગ્ન બન્યા હતા. ત્યારબાદ, શાળાના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા બે મિનિટનું મૌન પાળીને દિવંગત આત્માઓની શાંતિ માટે પરમકૃપાળુ પરમાત્માને મૌન પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## અમદાવાદ પ્લેન દુર્ઘટનાના દિવંગતોને અમરેલીમાં શ્રદ્ધાંજલિ : સિદ્ધનાથ મહાદેવ મંદિરે હનુમાન ચાલીસા અને રામધૂન યોજાઈ




અમરેલી, તા.૧૪

અમદાવાદમાં થયેલી ભયાવહ વિમાન દુર્ઘટનાના દિવંગત આત્માઓની શાંતિ માટે અમરેલીના ચક્કરગઢ રોડ પર આવેલી માધવ પાર્ક સોસાયટી સ્થિત સિદ્ધનાથ મહાદેવ મંદિરે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. દુર્ઘટનામાં જીવ ગુમાવનાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી સહિત તમામ આત્માઓને ભગવાન શ્રીરામ પોતાના દરબારમાં વાસ કરાવે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. માધવ પાર્ક સોસાયટીના પ્રમુખ સુરેશભાઈ સોલંકી, કિશોરભાઈ ભુત, અશોકભાઈ ધાનાણી સહિત આજુબાજુની સોસાયટીના રહીશો, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રાંત અધ્યક્ષ ડો.જી.જે. ગજેરા, રાષ્ટ્રીય બજરંગ દળના કાર્યકારી અધ્યક્ષ મજબૂત સિંહ બસીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા અને ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સેવા સંઘ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મિલ્કતો અમરેલીમાં વેચવાની છે.
- ચિતલ રોડ, રઘુવંશી સોસાયટી રોડથી બીજુ મકાન
- લાઠી રોડ, ધરમનગર, રોડથી નજીક ફર્નિચરવાળુ કોર્નરનું મકાન
- લાઠી રોડ યોગીનગરમાં ડુપ્લેક્ષ મકાન-૨ બાજુ-બાજુમાં
- માણેકપરામાં કિસાન મોલની સામે, પોણા બે વસા
- ગણેશ સોસાયટી, સમર્થનગરમાં પ્લોટ સવા વસાનો
- ગણેશ સોસાયટી સમર્થનગરમાં મકાન
- જુના માર્કેટીંગ યાર્ડમાં ચોકની દુકાન
- લાઈબ્રેરી ચોકમાં દુકાન વલ્લભ ચાઈનીઝની ઉપર ૬ દુકાન, માણેક સ્તંભમાં પાર્કિંગ વાળો ફ્લેટ
- માણેકપરામાં ૧.૮૫ વસાનો કોર્નરનો પ્લોટ

સંપર્કઃ પારસભાઈ સંઘવી (જનતા વસ્ત્ર ભંડાર)
MO.98796 22078
તમારૂ મકાન અમને સોંપી દો. અમો તમને યોગ્ય ભાડું અપાવીશું.
સેમી ફર્નિચર તથા ફર્નિચર વગર સ્વતંત્ર મકાન કોઈ પણ એરિયામાં ચાલશે
સંપર્કઃ પારસભાઈ સંઘવી (જનતા વસ્ત્ર ભંડાર)
MO.98796 22078

# અમરેલીમાં જિલ્લા પંચાયત રોડ પર વારંવાર ઉભરાતી ગટરથી દુકાનદારો અને રાહદારીઓ પરેશાન



અમરેલી, તા.૧૪

અમરેલીના મુખ્ય માર્ગ એવા જિલ્લા પંચાયત રોડ પર ફરી ભૂગર્ભ ગટરના ગંદા પાણી વહ્યા છે જેના કારણે રાહદારીઓ અને વેપારીઓ પરેશાન બન્યા છે. અહીં વારંવાર ભૂગર્ભ ગટર ઉભરાઈ રહી છે પરંતુ સમસ્યાનો ઉકેલ આવતો નથી. અમરેલીના જિલ્લા પંચાયત રોડ પર વારંવાર ભૂગર્ભ ગટર ઉભરાઈ રહી છે. આ ઉપરાંત અમરેલીના અનેક વિસ્તારમાં ભૂગર્ભ ગટર ઉભરાઈ રહી છે. જિલ્લા પંચાયત રોડ પરથી દિવસમાં અનેક રાહદારીઓ પસાર થઈ રહ્યા છે. સતત ઉભરાતી ભૂગર્ભ ગટરથી લોકો પરેશાન છે. અહીં ભૂગર્ભ ગટરની સમસ્યાનો હલ કરવામાં આવે તેવી લોકોમાં માંગણી ઉઠી હતી. ગટર જે જગ્યા પરથી વારંવાર ઉભરાય છે તે જગ્યાની એકદમ સામે જ મુખ્ય જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતની ઓફિસો આવેલી છે. શહેરના આ મુખ્ય માર્ગ ઉપર વારંવાર ગટર ઉભરાવાથી રાહદારીઓ અને શાળાએ જતા બાળકો પરેશાન થઈ રહ્યા છે.

# રાજુલામાં વેપારીના કર્મચારી પર હુમલો કરનાર બે આરોપી ઝડપાયા



અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લાના રાજુલા શહેરના મુખ્ય બજારમાં થયેલી છરીબાજીના કેસમાં પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે. થોડા દિવસ પહેલા વોકવેલ નામની દુકાનમાં કામ કરતો એક યુવક બાઈક પર નીકળ્યો હતો. આ દરમિયાન સામાન્ય બાબતે આરોપીઓએ તેના પર છરી વડે હુમલો કર્યો હતો. પોલીસે આરોપી લાલજીભાઈ ઉર્ફે લાલો કાનાભાઈ ખાંભલા અને પ્રતીક અરજણભાઈ વાળા સામે ગુનો નોંધ્યો હતો. આરોપીઓને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. સર્વેલન્સ ટીમે ટેક્નિકલ અને હ્યુમન સોર્સના આધારે તપાસ કરી હતી. આરોપીઓ વારંવાર પોતાનું લોકેશન બદલતા હતા. છેવટે પોલીસે રાજુલા વિસ્તારમાંથી બંનેની ધરપકડ કરી લીધી છે.

# બાબરામાં વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ



તસવીર : વિજય માળી

બાબરા, તા.૧૪

અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગત આત્માને વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અહીં ચિતલ રોડ પર આવેલ ચુંવાળીયા ઠાકોર સમાજના હોલ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો એમાં મંડળના હોદ્દેદારો અને સમાજના યુવાનોએ હાજરી આપી હતી. બધા સ્વર્ગવાસી આત્માને ભગવાન શાંતિ અર્પે એવી પ્રાર્થના કરવામાં આવી હતી. હંમેશા સેવાકીય પ્રવૃતિ કરતા વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા શોક જાહેર કરવામાં આવ્યો હતો.

## ધારીના પ્રેમપરામાં વિસાવદર ચોકડી પાસેથી ઈંગ્લીશ દારૂની ૬ બોટલ ઝડપાઈ

ધારી, તા.૧૪

ધારીના પ્રેમપરામાં વિસાવદર ચોકડી પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની છ બોટલ ઝડપાઈ હતી. ધારીના વાઘાપરામાં રહેતા પરેશભાઈ પોપટભાઈ રાણાવડીયા પાસેથી આ જથ્થો મળ્યો હતો. પોલીસે ૧૦૨૭ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જિલ્લામાં ૫ મહિલા સહિત ૩૧ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ ઉપરાંત ૨૨ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

## સાવરકુંડલામાં અંધારામાં લપાતા છુપાતા બે યુવકો પકડાયા

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલામાં બે લોકો અંધારામાં લપાતા છુપાતા મળી આવ્યા હતા. હર્ષદભાઈ હિંમતભાઈ દેંગડા (ઉં.વ.૨૯) તથા કેતન ઉર્ફે મુનશી ભીખાભાઈ સોલંકી (ઉ.વ.૩૭ ) રાત્રીના અંધારામાં લપાતા છુપાતા કોઈ કોગ્ની. ગુનો કરવાના ઈરાદે સૂર્યાસ્તથી સૂર્યોદય વચ્ચેના સમયગાળામાં રખડતા ભટકતા મળી આવ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અગિયાર મોબાઈલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી રાજુલા પોલીસ



રાજુલા, તા.૧૪

પ્રભાસ પાટણ પો.સ્ટે. ખાતે નોંધાયેલ મોબાઈલ ચોરીના E-FIR ગુનામાં સંડોવાયેલ આરોપી અમિત વિજયભાઈ સોલંકી (રહે. રાજુલા, જી. અમરેલી)ને રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ખાનગી રાહે મળેલ બાતમીના આધારે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. આરોપી પાસેથી રૂ.૨૦,૦૦૦/- કિંમતનો મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો. આરોપી વિરુદ્ધ અગાઉ કુલ ૧૧ ગુના ચલાલા પો. સ્ટે. ખાતે નોંધાયેલા છે. આ કામગીરી PI એ.ડી. ચાવડા અને PSI પલાસના માર્ગદર્શનમાં ASI પોપટ અને ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ધારીના ગીર દુધાળા ગામે વિમાન દુર્ઘટનામાં મૃતકોને વૃક્ષારોપણ કરીને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



**૧૦૨ વિઘામાં ૧૦ હજાર વૃક્ષોનું વાવેતર કરી તમામ વૃક્ષો પર મૃતકોના નામ લખાયા**

ધારી, તા.૧૪

ધારી તાલુકાના ગીર દુધાળા ગામે પી.પી. સવાણી ગ્રુપ દ્વારા અમદાવાદની વિમાન દુર્ઘટનામાં મૃતકોને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. ૧૦૨ વિઘામાં ૧૦ હજાર વૃક્ષોનું વાવેતર કરીને તમામ વૃક્ષો પર મૃતકોના નામ લખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ વૃક્ષારોપણ પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓ અને મહેશભાઈ સવાણીના પુત્રવધૂના હસ્તે અને દેશના ગૌરવરૂપી કીક બોક્સિંગ પ્લેયર ડિંકલ ગોરખા અને ખુશી ગોરખાના હસ્તે કરાયું હતું. આ તકે મામલતદાર, આરએફઓ, પીઆઈ સહિતના અધિકારીઓ અને આગેવાનોએ ઉપસ્થિત રહીને વિમાન દુર્ઘટનાના મૃતકોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# બગસરાના શાપર ગામે સિંહ દ્વારા ૩૨ ઘેટાં-બકરાના મારણ બદલ વનવિભાગે રૂ.૧.૬૦ લાખનું વળતર ચૂકવ્યું



તસવીર : હાર્દિક બામટા

અમરેલી, તા.૧૪

બગસરા તાલુકાના શાપર ગામમાં બે દિવસ પહેલા એક માલધારી પરિવારને મોટું નુકસાન થયું હતું. મનસુખભાઈ પાંચાભાઈ શિયાળના ઘેટાં-બકરા ચરી રહ્યા હતા ત્યારે એક સિંહ અચાનક આવી ચડ્યો હતો. સિંહે કુલ ૩૨ ઘેટાં-બકરાનું મારણ કર્યું હતું, જેના કારણે માલધારી પરિવારને ભારે આર્થિક ફટકો પડ્યો હતો. આ ઘટના બાદ, વનવિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પંચનામાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી અને માલધારી પરિવારના નિવેદનો પણ લેવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના નિયમો અનુસાર, વન્યપ્રાણીઓ દ્વારા થતા નુકસાન સામે વળતર આપવાની જોગવાઈ છે. આ જોગવાઈ હેઠળ, બગસરા રેન્જ વનવિભાગે શનિવારે મનસુખભાઈને રૂ.૧,૬૦,૦૦૦ નો ચેક અર્પણ કર્યો હતો. વનવિભાગ દ્વારા ચૂકવવામાં આવેલી આ સહાયથી માલધારી પરિવારને થયેલા આર્થિક નુકસાન સામે નોંધપાત્ર રાહત મળશે.

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૭૮/૨૦૨૫

અરજદાર :- શ્રી સુરેશભાઈ વશરામભાઈ સોલંકી
રહે. વાંકીયા, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. વાંકીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી સુરેશભાઈ વશરામભાઈ સોલંકી તેઓના નવાસા ધર્મરાજ ઘનશ્યામભાઈ પરમાર ની જન્મ (તા.૦૧/૦૨/૨૦૨૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગીતાબેન કિશોરભાઈ ચુડાસમા (ઉ.વ.૫૨)નું તા.૧૩/૬/૨૫ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે કિશોરભાઈ બચુભાઈ ચુડાસમા(પતિ), મેહુલભાઈ કિશોરભાઈ ચુડાસમા, નયનભાઈ કિશોરભાઈ ચુડાસમા, આકાશ કિશોરભાઈ ચુડાસમાના માતા થાય છે. સદગતનું બેસણું તા.૧૫/૬/૨૫ને રવિવારના રોજ ૩ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન નંદીગ્રામ સોસાયટી, રાધાકૃષ્ણ મંદિર પાછળ, જેસર રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# લાઠીના નારાયણનગર ગામે શેરીમાં ગાળો બોલવાની ના પાડતાં ઢીકાપાટુ માર્યા

**ફરિયાદી પત્ની સાથે અગાશીમાં સુતા હતા**

દામનગર, તા.૧૪

લાઠીના નારાયણનગર ગામે એક પુરુષ તેની પત્ની સાથે અગાશીમાં સુતો હતો. આ સમયે શેરીમાં કેટલાક લોકો ગાળો બોલતા હતા. જેથી તેણે ગાળો બોલવાની ના પાડતાં તેમને ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે બીપીનભાઈ નાનજીભાઈ મકવાણા (ઉ.વ-૨૫)એ પ્રવિણભાઈ મકવાણા, મુન્નાભાઈ મકવાણા, અજીતભાઈ ઉર્ફે લાલભાઈ મકવાણા, રીતીક શરદભાઈ મકવાણા, મિહિરભાઈ પ્રવિણભાઈ મકવાણા તથા છ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેની પત્ની સાથે ઘરે અગાશી ઉપર સુતા હતા તે દરમ્યાન આરોપી ઘરની બહાર શેરીમાં ગાળો બોલતા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતા આ લોકો ફરિયાદીને ગાળો આપવા લાગ્યા હતા. જેથી નજીકમાં આવેલ કાર્યાલયમાં હાજર સાહેદો સમજાવવા જતા આ લોકોએ તેની સાથે પણ ઝગડો કરી ફોન કરી અન્ય આરોપીઓને બોલાવ્યા હતા. આરોપીઓએ તેમને પકડી ઢીકાપાટુથી મુંઢમાર મારી, ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.આર. કસાડા વધુ તપાસ કરી રહ્યા છે.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી




રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઇન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૬



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**હું નાની છું રહેવા દે તેમ કહેવા છતાં**

# રાજુલાના સમઢીયાળા-૧ ગામે સગીરા પર દુષ્કર્મથી ચકચાર મચી

રાજુલા, તા.૧૪

રાજુલાના સમઢીયા-૧ ગામે સગીરા પર દુષ્કર્મથી ચકચાર મચી ગઈ હતી. સગીરાએ 'હું નાની છું રહેવા દે' તેમ કહેવા છતાં તેને બક્ષવામાં આવી નહોતી. હવસ સંતોષી લીધા બાદ જો તું બનાવની જાણ કોઈને કરીશ તો તારા બાપુજીને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે સગીરાએ ભગીરથભાઈ ભરતભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, લીલાપીર ધારની પાછળ છતડીયા ગામ નજીક આવેલી વાડીના રસોડામાં એકલી હતી તે દરમ્યાન આરોપી રસોડામાં આવ્યો હતો અને તેનું મોઢું દબાવી કપડાં કાઢવા લાગ્યો હતો. તેણે ના પાડવા છતાં આરોપીએ તેના કપડા કાઢી નાખ્યા હતા. તેણે 'આવું કરમાં હું નાની છું રહેવા દે' તેમ કહેવા છતાં આરોપીએ તેનું મોઢું દબાવી રાખી જમીન પર સુવડાવી બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આરોપીએ શરીરસુખ માણી તેને ધમકી આપી કે આ બનાવની વાત કોઈને કરતી નહિં નહિંતર તારા બાપુજીને મારી નાખીશ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

**અમરેલી શહેરમાં હાર્ટ એટેકથી આધેડનું મૃત્યુ**

# સાવરકુંડલાના આંબરડી ગામે બીમારીથી કંટાળી પ્રૌઢાએ એસિડ પીતાં કરૂણ મોત

**સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરમાં એક પુરુષનું હાર્ટ એટેકથી મોત થયું હતું. શહેરના મહાદેવ મોલ પાસે આવેલી બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા હર્ષદભાઈ બટુકભાઈ ગોંડલીયા (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા બટુકભાઈ ધનજીભાઈ ગોંડલીયા (ઉ.૫૧)નું હાર્ટ એટેકથી મોત થયું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના આંબરડી ગામે રહેતા વાલજીભાઈ હરજીભાઈ પરમાર (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમના માતા અંબાબેન હરજીભાઈ પરમાર (ઉ.વ.૬૭)ને પથરીનો અસહ્ય દુઃખાવો હતો તેમજ ડાયાબિટીસ કંટ્રોલ થતો ન હોવાથી કંટાળી જઈ એસિડ પી લીધું હતું. જેના કારણે મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એમ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં અશ્લીલ ફોટા બતાવી પૈસાની માંગણીથી કંટાળી એક સાથે ૮ ટિકડી પીધી

**આરોપીને અગાઉ આપેલા પૈસા આજદીન સુધી પરત કર્યા ન હતા**

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલામાં રહેતા જનકભાઈ આલાભાઈ ખીમસુરીયા (ઉ.વ. ૩૦) એ જાહેર કર્યા મુજબ, ભોગ બનનારને તેમની સોસાયટીમાં રહેતા હેમાંશુભાઈ મનુભાઈ ખેતરીયા તેમના ફોનમાં રહેલ ભોગ બનનારના અશ્લીલ ફોટાઓ બતાવી ઉછીના પૈસાની માંગણી કરતા હતા. અગાઉ આપેલા પૈસા આજદિન સુધી ભોગબનનારને પરત કર્યા નહોતા. જેથી કંટાળીને ભોગબનનારે તેના ઘરમાં રહેલ માથાના દુઃખાવાની પેરાસીટામોલની આઠ ગોળીઓ પી' લીધી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી**

# રાજુલાના ઝીંઝકા ગામે સંયુક્ત જમીનનું ખાતું અલગ કરવા મુદ્દે માથાકૂટ થઈ

**ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડાએ વધુ તપાસ હાથ ધરી**

રાજુલા, તા.૧૪

રાજુલાના ઝીંઝકા ગામે સંયુક્ત જમીનનું ખાતું અલગ કરવા મુદ્દે બે પક્ષોમાં માથાકૂટ થઈ હતી. ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ટીણુભા વનરાજસિંહ વાળા (ઉ.વ.૩૫) એ મહોબતસિંહ મંગળસિંહ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની તથા આરોપી મહોબતસિંહ મંગળસિંહ વાળાની સંયુક્ત જમીન હતી. આરોપીને તેનું અલગ ખાતું કરવું હતું. જેથી તેમણે આરોપીને કહ્યું કે, અલગ ખાતું કરવું તો અડધો ખર્ચો તમારે દેવાનો રહેશે. તેથી આરોપીએ કહેલ કે, ખર્ચો હું નહીં આપું ખર્ચો તારે દેવાનો રહેશે. જેથી તેમણે સંપૂર્ણ ખર્ચો આપવાની ના પાડતા તે બાબતનું મનદુઃખ રાખી તેમને માથાના વચ્ચેના ભાગે તથા કપાળના ભાગે લાકડીનો એક એક ધા મારી પાંચ ટાકા આવે તેવી ઈજા કરી હતી. ઉપરાંત મુંઢ ઈજા કરી અશ્લીલ ગાળો, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના નાના રાજકોટ ગામે વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ



અમરેલી, તા.૧૪

અમદાવાદ ખાતે એર ઈન્ડિયાનું પેસેન્જર વિમાન દુર્ઘટનાના મૃતકોની આત્માને શાંતિ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરી લાઠીના નાના રાજકોટ ખાતે મૌન રાખી શ્રદ્ધાંજલિ આપી હતી. સાથે જ, પોતાના પરિવારજનોને ગુમાવનાર પરિવારોને ભગવાન શક્તિ અને ધૈર્ય પ્રદાન કરે તેવી ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવી હતી. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ પરેશ કનાળા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

**પતિએ પત્નીને વાળ પકડીને ઢસડી**

# જાફરાબાદની મહિલા વકીલનો સસરાએ હાથ પકડી ઘરની બહાર નીકળવાનું કહી ધક્કો માર્યો

**અવારનવાર માનસિક શારીરિક દુઃખ ત્રાસ આપતા હતા**

જાફરાબાદ, તા.૧૪

જાફરાબાદમાં રહેતી એક મહિલા વકીલે રાજકોટના યુવક સાથે લગ્ન સમયે વકીલાત કરવાની શરતે લગ્ન કર્યા હતા. જોકે તેમ છતાં ત્રાસ આપવામાં આવ્યો હતો. તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મહિલા વકીલે પીયર પરત ફરીને દહેજ ભૂખ્યા સાસરિયા સામે ફરિયાદ નોધાવી હતી. માયાબેન ભરતભાઈ રાજ્યગુરુ (ઉ.વ.૨૯)એ રાજકોટમાં રહેતા પતિ હાર્દિકભાઈ જયસુખભાઈ વ્યાસ, જયસુખભાઈ લીલાતરભાઈ વ્યાસ, જાગૃતિબેન જયસુખભાઈ વ્યાસ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપી સાથે વકીલાત કરવાની શરતે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ આરોપીઓ વકીલાત ન કરવા દેવા બાબતે બોલાચાલી કરતા હતા. પતિએ તેના વાળ પકડીને ઢસડી હતી તથા અશ્લીલ ગાળો આપેલ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સસરાએ હાથ પકડીને ઘરની બહાર નીકળવાનું કહી ધક્કો માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં ત્રણેય આરોપીઓએ પાટુ મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ આરોપીઓ અગાઉ અવારનવાર તેની સાથે માથાકૂટ કરી માનસિક શારીરિક દુઃખ ત્રાસ આપી મારી નાખવાની ધમકીઓ આપી મેણા-ટોણા મારતા હતા. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશના એએસઆઈ એ.પી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**લગ્ન સમયે વકીલાત કરવાની શરત હતી**

# લાઠીના નારાયણનગર ગામે પિતાને મારમાંથી બચાવવા વચ્ચે પડેલી પુત્રીનો દુપટ્ટો ખેંચ્યો

દામનગર, તા.૧૪

લાઠીના નારાયણનગર ગામે પિતાને મારમાંથી બચાવવા વચ્ચે પડેલી પુત્રીનો દુપટ્ટો ખેંચી સ્ત્રી મર્યાદાનો ભંગ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ગાળો બોલી ×જોઈ લેવાના છે× તેવી ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મહિરભાઈ પ્રવિણભાઈ મકવાણા (ઉ.વ.૧૯)એ બિપીનભાઈ મકવાણા, સુમીત ઉર્ફે બાવલી લાલભાઈ ચૌહાણ, રવીભાઈ ચાવડા, નિલેશભાઈ મકવાણા, સાગરભાઈ મકવાણા, સુજલભાઈ મકવાણા તથા નિકુંજભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેના પિતાને આરોપીઓ સાથે બોલાચાલી થઈ હતી. તે દરમિયાન ફરિયાદી આ લોકોને સમજાવવા જતા તેના પિતાને માર મારી મુંઢ ઈજા કરી, ગાળો આપી હતી. તે દરમ્યાન તેના બહેન વચ્ચે પડતા સ્ત્રી મર્યાદાનો ભંગ થશે તેવું જાણવા છતાં ગુનાહિત બળ વાપરી દુપટ્ટો ખેંચી હાથ પકડી ધક્કો માર્યો હતો. આરોપીઓએ તેમને તથા સાહેદોને ગાળો આપી ×સવારે જોઈ લેવાના છે× તેવી ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી. આર. કસાડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૧૭ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૨ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૮૯ |
| જુવાર લાલ | ૭૫૦ | ૮૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૭૦ | ૪૬૯ |
| તુવેર | ૧૧૬૮ | ૧૩૦૦ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૦૭૦ |
| અડદ | ૧૨૭૬ | ૧૪૧૦ |
| મગ | ૧૩૧૦ | ૧૬૧૨ |
| વાલ દેશી | ૨૫૦ | ૫૦૦ |
| ચોળી | ૧૩૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૧૦૦૦ | ૨૦૭૫ |
| કળથી | ૬૫૦ | ૮૬૬ |
| રાજમા | ૧૦૨૦ | ૨૨૦૦ |
| સીંગદાણા | ૧૩૬૦ | ૧૪૪૫ |
| મગફળી જાડી | ૯૭૦ | ૧૨૫૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૬૫૫ |
| તલી | ૧૫૧૫ | ૧૯૫૦ |
| સુરજમુખી | ૬૩૦ | ૮૧૦ |
| એરંડા | ૧૧૫૮ | ૧૨૭૮ |
| અજમો | ૮૦૦ | ૧૪૭૦ |
| સુવા | ૧૦૫૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૭૫૪ | ૮૮૦ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૬૦ |
| કાળા તલ | ૨૬૫૦ | ૩૩૪૫ |
| લસણ | ૭૫૪ | ૧૪૦૦ |
| ધાણા | ૧૧૨૫ | ૧૪૨૧ |
| મરચા સુકા | ૪૧૧ | ૧૧૬૦ |
| ધાણી | ૧૧૩૭ | ૧૪૨૧ |
| વરીયાળી | ૯૪૫ | ૧૪૦૧ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૯૨૦ |
| રાય | ૧૧૨૦ | ૧૩૬૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૨૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૨૧૭૦ |
| કલોંજી | ૩૨૮૦ | ૪૦૪૪ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૭૦ |
| રજકાનું બી | ૪૧૮૦ | ૫૬૦૦ |
| ગુવારનું બી | ૮૭૦ | ૯૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૧૦૦ |
| તરબુચ | ૪૦ | ૧૨૦ |
| બટેટા | ૧૭૦ | ૩૮૧ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૫૦ |
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૬૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૬૦ | ૩૭૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ચોળાસીંગ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૪૦ |
| કારેલા | ૫૦૦ | ૬૫૦ |
| સરગવો | ૨૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૪૦૦ | ૮૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૫૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૪૦ | ૪૪૦ |
| મેથી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૪૬૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૦૫૮ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૬૮ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૭૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૯૯ |
| તલ સફેદ | ૧૧૨૦ | ૨૪૪૦ |
| તલ કાળા | ૧૯૦૦ | ૩૩૫૦ |
| તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૧૯૬ |
| બાજરો | ૩૫૮ | ૫૧૧ |
| જુવાર | ૩૬૫ | ૭૧૫ |
| ઘઉં ટુકડા | ૩૮૨ | ૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૬૧ | ૫૩૭ |
| મકાઈ | ૫૩૩ | ૫૩૩ |
| મગ | ૮૦૦ | ૧૪૨૫ |
| અડદ | ૮૫૦ | ૧૩૭૧ |
| ચણા | ૮૫૦ | ૧૦૮૮ |
| ચણા દેશી | ૧૦૬૧ | ૧૦૬૨ |
| સફેદ ચણા | ૮૦૦ | ૧૦૭૬ |
| છોલે ચણા | ૧૧૪૨ | ૧૧૪૨ |
| તુવેર | ૭૮૦ | ૧૧૭૨ |
| વાલ | ૮૦૦ | ૧૧૨૦ |
| કપાસ | ૮૯૮ | ૧૬૪૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૨ |
| જીરૂ | ૩૫૨૫ | ૩૭૮૦ |
| ધાણી | ૧૦૮૦ | ૧૨૯૦ |
| મેથી | ૬૦૦ | ૮૭૫ |
| સોયાબીન | ૬૪૫ | ૮૦૦ |
| કાંગ | ૫૬૦ | ૫૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૯૦ |
| રીંગણા | ૫૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૫૨૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૭૩૦ |
| ટામેટા | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ગાજર | ૭૦૦ | ૮૦૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૪૫૦ |
| કાકડી | ૩૦૦ | ૪૩૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલાં | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૦૫૦ | ૧૨૩૦ |
| કાચી કેરી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| પાકી કેરી | ૧૦૫૦ | ૧૨૩૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૭૫૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૫૦ | ૫૫૦ |
| મેથીભાજી | ૧૫૫૦ | ૧૬૨૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૯૫૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૩૦ | ૧૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૨૦ |
| લીંબુ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૬૩૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૬૪ |
| મગફળી જીણી | ૮૬૧ | ૧૬૭૧ |
| સિંગદાણા જાડા | ૧૪૦૦ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૩૦૧ |
| તલ કાળા | ૧૫૫૧ | ૩૨૦૧ |
| જીરૂ | ૨૪૦૧ | ૩૯૫૧ |
| ક્લંજી | ૧૫૦૦ | ૩૯૦૧ |
| વરીયાળી | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ધાણા | ૯૦૧ | ૧૪૧૧ |
| મરચા સૂકા પટ્ટો | ૪૫૧ | ૧૦૦૧ |
| ડુંગળી લાલ | ૮૬ | ૨૬૬ |
| અડદ | ૯૫૧ | ૧૩૪૧ |
| મઠ | ૫૭૧ | ૫૭૧ |
| તુવેર | ૪૦૧ | ૧૩૪૧ |
| મેથી | ૫૫૧ | ૯૧૧ |
| સુવાદાણા | ૧૧૨૧ | ૧૧૨૧ |
| કાંગ | ૩૦૧ | ૬૨૧ |
| મરચા | ૨૫૧ | ૧૭૦૧ |
| મગફળી જાડી | ૭૪૧ | ૧૪૮૧ |
| સફેદ ચણા | ૧૦૯૧ | ૧૯૨૧ |
| મગફળી નવી | ૮૩૧ | ૧૪૬૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૦૯૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૪૭૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૨૨૨ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૮૭૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૬૧ |
| મગ | ૧૨૫૧ | ૧૫૪૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૧૬ |
| વાલ | ૩૦૧ | ૭૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૧૪૧૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૬૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૬૦૦ |
| કાકડી | ૧૬૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૬૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૯૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૩૨૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૫ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૧૫ |
| ફોદીનો પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૬૦૦ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અળવી પાન | ૫ | ૧૦ |
| પરવળ | ૭૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૧૦ | ૨૩ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોળા | ૬૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૪૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૪૦ |
| આદુ | ૬૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| દાડમ | ૪૦૦ | ૧૧૦૦ |
| સફરજન | ૨૦૦૦ | ૪૬૦૦ |
| ચીકુ | ૩૦૦ | ૮૦૦ |
| કેળા | ૪૦૦ | ૫૯૦ |
| સંતરા | ૧૬૦૦ | ૩૦૦૦ |
| તરબૂચ | ૧૦૦ | ૨૦૦ |
| ક્મલમ | ૧૫૦૦ | ૨૮૦૦ |
| ગુલાબ | ૩૦૦૦ | ૪૪૦૦ |
| બદામ કેરી | ૬૦૦ | ૭૦૦ |
| દશેરી કેરી | ૫૦૦ | ૭૦૦ |
| રાવણા | ૫૦૦ | ૨૦૦૦ |
| ચેરી | ૪૦૦૦ | ૫૦૦૦ |
| દ્રાક્ષ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| કીવી | ૬૦૦૦ | ૭૨૦૦ |
| કેસર કેરી | ૧૨૦૦ | ૨૨૦૦ |
| આલુચા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ખારેક | ૪૦૦ | ૨૨૦૦ |
| નીલમ કેરી | ૪૦૦ | ૬૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૪૫ |
| કપાસ મીડીયમ | ૧૪૬૦ | ૧૫૫૦ |
| મગફળી | ૯૮૫ | ૧૦૪૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| મગ | ૧૨૬૫ | ૧૪૧૫ |
| તલ સફેદ | ૧૭૨૫ | ૨૦૨૫ |
| તલ કાળા | ૨૫૫૫ | ૩૦૭૫ |
| જીરૂ | ૨૯૧૫ | ૩૩૭૫ |
| ચણા | ૧૦૫૫ | ૧૦૮૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૯૧ |
| ઘઉં લોકવન | ૪૭૮ | ૫૦૭ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૦૧ |
| ધાણા | ૧૦૫૦ | ૧૦૫૫ |
| ચણા | ૯૪૫ | ૧૦૬૨ |
| શીંગફાડા | ૧૨૨૫ | ૧૩૦૫ |
| મગફળી | ૮૨૫ | ૯૬૮ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૧૫ |
| સોયાબીન | ૭૬૭ | ૮૨૫ |
| જુવાર | ૪૧૨ | ૫૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૨૦ |
| શીંગદાણા | ૧૩૫૨ | ૧૪૦૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૦ |
| ચણા | ૯૬૫ | ૧૦૭૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ | ૧૪૨૫ | ૧૮૦૦ |
| તુવેર | ૧૦૦૯ | ૧૨૦૧ |
| શીંગ ફાડા | ૯૦૦ | ૧૨૨૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૪૨૨ |
| મગફળી | ૯૦૧ | ૧૦૧૬ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૭૬ |
| સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |
| મગ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ઘઉં | ૪૯૦ | ૪૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૦૧ |
| મેથી | ૮૫૦ | ૮૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૦૩૨ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૧૯૦૧ |
| તલ પીળા | ૧૩૦૧ | ૨૪૭૬ |
| તલ કાળા | ૧૬૬૧ | ૧૮૦૪ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૨૪ |
| બાજરો | ૩૨૫ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૭૧ |
| જુવાર | ૨૧૧ | ૮૩૨ |
| મગ | ૮૮૬ | ૧૩૨૮ |
| અડદ | ૮૦૧ | ૧૧૩૨ |
| ચણા | ૯૮૦ | ૧૦૯૧ |
| ધાણા | ૭૦૦ | ૭૦૦ |
| સોયાબીન | ૬૬૦ | ૭૫૧ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૭૨ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૨૧૨ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૨૧ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૩૨૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૨૨ |
| તલ કાળા | ૨૪૨૧ | ૩૧૫૬ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૮૫૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૪૧ |
| કપાસ | ૧૪૫૦ | ૧૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| બાજરો | ૩૫૦ | ૬૦૦ |
| જુવાર | ૫૦૦ | ૮૩૫ |
| મગ | ૧૧૫૦ | ૧૪૬૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૧૫ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૧૦ |
| તુવેર | ૯૫૦ | ૧૧૮૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૨૧ |
| સોયાબીન | ૭૪૦ | ૭૮૭ |
| **કોડીનાર** | | |
| મગફળીજીર૨૦ | ૧૦૦૦ | ૧૨૪૮ |
| મગફળી૩૨ નં. | ૯૫૦ | ૧૨૨૮ |
| મગફળી નવી | ૯૦૦ | ૧૦૭૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૬૦ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૪ |
| જુવાર | ૩૪૦ | ૯૧૨ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૦૯ |
| મગ | ૮૦૦ | ૧૬૫૦ |
| એરડી | ૧૧૨૫ | ૧૨૬૨ |
| સોયાબીન | ૭૮૨ | ૮૩૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૯૦ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૭૫૮ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ઘઉં | ૩૫૧ | ૫૧૫ |
| મગ | ૮૫૧ | ૧૫૪૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૮૧ |
| તુવેર | ૮૫૧ | ૧૨૭૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૨૧ |
| શિંગફાડા | ૧૦૫૧ | ૧૨૧૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૦૦૧ |
| ધાણા | ૭૫૧ | ૧૨૯૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૬ |

# માઓવાદીઓ પ્રત્યે કોંગ્રેસ-સીપીએમને કૂણી લાગણી ?



આૅપરેશન સિંદૂર વખતે ભારતીય સેના પાકિસ્તાનમાં રહેલા ત્રાસવાદીઓ, તેમનાં ઠેકાણાંઓ અને પાકિસ્તાનના વાયુ સેનાનાં મથકો ધડાધડ નાશ કરી રહી હતી ત્યારે સેક્યુલર પ્રજાતિએ ‘યુદ્ધને ના’ (say no to war) કહી પાકિસ્તાન સામે યુદ્ધ ન કરવાનું અભિયાન ‘એૅક્સ’ પર ચલાવ્યું. આ એ જ પ્રજાતિ હતી જે પહેલગામમાં પાકિસ્તાનના ત્રાસવાદીઓએ સ્થાનિક મુસ્લિમો સાથે મળીને ૨૬ નિર્દોષ હિન્દુ-ખ્રિસ્તીને ધર્મ પૂછીને, પેન્ટ ખોલાવીને જનનેન્દ્રિય તપાસીને તેમજ કલમા આવડે છે કે નહીં તે સાંભળીને હત્યા કરી ત્યાર પછી મંડી પડ્યા હતા કે મોદીજી, પાકિસ્તાન પર આક્રમણ ક્યારે કરો છો?

આ પ્રજાતિમાં ઉત્તર પ્રદેશમાં ગત વિધાનસભા ચૂંટણી વખતે પ્રકાશમાં આવેલી નેહાસિંહ રાઠોડ નામની કથિત ગાયિકા, જે પાકિસ્તાન સામેની આ કાર્યવાહી સમયે પાકિસ્તાન તરફી થઈ ચૂકી હતી, ‘ટાઈમ્સ ઑફ ઈન્ડિયા’, ‘એનડીટીવી’માં કામ કર્યાનો દાવો કરતાં પત્રકાર સબા નકવી, ‘ધ વાયર’નાં પત્રકાર આરફા ખાનમ શેરવાની, ટીવી ૯ના પૂર્વ તંત્રીમાંથી હવે ફિલ્મકાર બની ગયેલા વિનોદ કાપડી, પોતાને રાજકીય વિશ્લેષક, કવિ, પત્રકાર એવું ઘણું બધું ગણાવતા રાજુ પારુલેકર, ફૅક્ટ ચૅકના નામે નુપૂર શર્મા વગેરે જમણેરીઓને મોહમ્મદ ઝુબૈરની સાથે મળીને ટાર્ગેટ કરતા પ્રતીક સિંહા, પત્રકાર નિખિલા હેન્રી, વગેરે હતા.

જ્યારે પહેલગામમાં હિન્દુઓની હત્યા કરાય છે ત્યારે કોંગ્રેસના નેતા અને ગાંધી પરિવારના જમાઈ રૉબર્ટ વાડ્રા કહે છે કે ભારતમાં મુસ્લિમો પર બહુ અત્યાચાર થાય છે તેથી આ આક્રમણ થયું. એટલે કે આ હત્યાઓને ઉચિત ગણાવે છે.

આ લોકોની રણનીતિ ત્રણ પ્રકારે કામ કરે છે: જ્યારે મુસ્લિમો કે નક્સલવાદીઓ આક્રમણ કરે છે ત્યારે કાં તો, તેઓ તેમની કોઈ એવી પૃષ્ઠભૂમિ કે તેમના સગાની પૃષ્ઠભૂમિ શોધી લાવી તેમના પ્રત્યે સહાનુભૂતિ સર્જવા પ્રયાસ કરશે, જેથી દેશમાં તેમના સમુદાય પ્રત્યે આક્રોશ ન ફેલાય. આવી ઘટનાઓમાં સારા મુસ્લિમ પણ મદદ કરવા આગળ આવે. તેમને જ વધુ હાઈલાઈટ કરવાના અને એવું સાબિત કરવાનો પ્રયાસ કરવાનો કે આતંકવાદનો કોઈ મઝહબ હોતો નથી. એ તો કોઈ પણ મોટી દુર્ઘટના વખતે સામાન્ય માણસો મદદે ચડી આવે છે, ત્યારે તેમના ધર્મ, પંથ કે પેટા સંપ્રદાયને કોઈ હાઈલાઈટ કરતું નથી. વર્ષ ૨૦૧૭માં મુંબઈમાં ધોધમાર વરસાદ આવ્યો હતો અને ખૂબ પાણી ભરાઈ ગયા હતા ત્યારે ઘણા લોકોએ પોતાનું સરનામું આપીને અજાણ્યાને ઑફર કરી હતી કે તમે આ વિસ્તારમાં હો તો અમારે ત્યાં રોકાઈ શકો. એ સમયે આવી ઑફર કરનારાનો ધર્મ હાઈલાઈટ કરાયો હતો? ના. જો આ સેક્યુલરો એમ કહેતા હોય કે આતંકવાદનો કોઈ મઝહબ નથી હોતો, તો પછી મદદ કરનારનો પણ કોઈ મઝહબ ન જ હોય. સમાચારમાં હેડિંગમાં ‘મુસલમાને મદદ કરી’ તેવું ન લખવું જોઈએ.

રણનીતિનો બીજો ભાગ છે, જ્યારે આવું ત્રાસવાદી આક્રમણ થાય ત્યારે વડાપ્રધાન મોદીજી સામે દબાણ સર્જવું કે ક્યારે ૫૬ની છાતી બતાવો છો. એક છાપાએ જ્યારે ભૂતકાળમાં પુલવામામાં આવું આક્રમણ થયું ત્યારે ‘૫૬ની છાતીની કાયરતા’ આવું હેડિંગ વાપર્યું હતું. અને ૨૬ નવેમ્બર ૨૦૦૮ના મુંબઈ ત્રાસવાદી આક્રમણ વખતે આ છાપું નેતૃત્વ સામે આવા તીખા હેડિંગ વાપરવાથી બચતું હતું. એટલે ઉપરોક્ત સેક્યુલર પ્રજાતિએ મોદીજી પર પાકિસ્તાન સામે ક્યારે કાર્યવાહી કરો છો તેવું દબાણ સર્જ્યું હતું અને જ્યારે મોદીજીએ જાતિના આધારે જનગણનાની જાહેરાત કરી ત્યારે આ કાર્ટૂનમાં બતાવ્યું કે મોદીજી પાકિસ્તાન સામે જાતિગત જનગણનાથી ઉત્તર આપશે.

રણનીતિનો ત્રીજો ભાગ એ કે (ડૉ. મનમોહનસિંહ હોય તો જડબાતોડ ઉત્તર ન જ આપે પરંતુ) જો ન કરે નારાયણ, ને કરે નરેન્દ્ર, ભારતીય સેના મજબૂત ઉત્તર આપવા લાગે અને પાકિસ્તાનની સંસદમાં દેકારો થાય, સાંસદો અલ્લાહ પાસે મુઆફી (પોતાના લેખમાં ખોટું ઉર્દૂ લખી ભાષાના જ્ઞાન બાબતે અનાવૃત થતા ઉર્દૂ પ્રેમીઓને ખબર નહીં હોય કે સાચો શબ્દ માફી નથી, મુઆફી છે, જે અભિનેતા રાજકુમાર અને અમરીશ પુરી જ બોલતા હતા) માગી પોક મૂકીને રડવા લાગે ત્યારે તેની વેદના ભારતની ઉપરોક્ત સેક્યુલર પ્રજાતિને થવા લાગે છે. ખબર નહીં, તેમને પાકિસ્તાનથી તેમના આકા સૂચના આપતા હશે કે કેમ, પણ તેઓ ‘યુદ્ધને ના’ પ્રકારનું અભિયાન ચલાવવા લાગે છે.

પાકિસ્તાન સામેની ત્રાસવાદ વિરોધી કાર્યવાહી ‘ઑપરેશન સિંદૂર’ અંગે વિપક્ષોના સાંસદો શશિ થરૂર, મનીષ તિવારી, પ્રિયંકા ચતુર્વેદી, કનિમોઝી અને અસદુદ્દીન ઓવૈસીએ વિદેશમાં જઈને પાકિસ્તાન વિરુદ્ધ મજબૂત ઉત્તરો આપી સુંદર કામ કર્યું. એક નેરેટિવ બન્યો કે પાકિસ્તાન સામે ભારતના પક્ષો એક છે. આ પ્રતિનિધિમંડળની વિશેષતા એ હતી કે તેમની પસંદગી મોદી સરકારે બહુ ચતુરાઈપૂર્વક કરી હતી. તેઓ અલગ-અલગ રાજકીય પક્ષનું પ્રતિનિધિત્વ તો કરતા હતા, સાથે અલગ-અલગ પ્રાંત, અલગ-અલગ પંથ અને અલગ-અલગ ભાષાના હતા. શશિ થરૂર કેરળનાં અને કોંગ્રેસના છે. કનિમોઝી દ્રમુકનાં સાંસદ છે. પ્રિયંકા ચતુર્વેદી મહારાષ્ટ્રની શિવસેના (ઉદ્ધવ ઠાકરે)નું પ્રતિનિધિત્વ કરે છે. આમાંથી દ્રમુક અને શિવસેના પોતાનાં રાજ્યોની મૂળ પ્રજા અને ભાષા બાબતે કટ્ટર છે. તેઓ અનુક્રમે તમિળ અને મરાઠીનો જ આગ્રહ રાખે છે.

આથી જ એક પત્રકારે કનિમોઝીને ચીંટિયો ભર્યો કે “ભારતની રાષ્ટ્રીય ભાષા કઈ છે?” તો કનિમોઝીએ સુંદર ઉત્તર આપ્યો, “વિવિધતામાં એકતા.” અસદુદ્દીન ઓવૈસીએ પણ પાકિસ્તાનને મજબૂત રીતે ઘેર્યું. શશિ થરૂર કૉલંબિયામાં ગયા તો ત્યાં તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે કૉલંબિયાએ પાકિસ્તાનમાં ત્રાસવાદીઓ મર્યા તે અંગે શોક વ્યક્ત કરતું નિવેદન આપ્યું હતું. શશિ થરૂરનો એવો પ્રભાવ પડ્યો કે જેના લીધે કૉલંબિયાએ પોતાનું નિવેદન પાછું ખેંચ્યું.

> ઓપરેશન સિંદૂર પછી શશિ થરૂર વિદેશમાં ભારતનો પક્ષ મજબૂત રીતે મૂકી ભારતમાં બધા પક્ષો એક છે તેવું ચિત્ર મૂકી રહ્યા હતા ત્યારે કોંગ્રેસ તેમને ભાજપના પ્રવક્તા ગણાવી રહી હતી, જ્યારે સુરક્ષા દળો માઓવાદીઓનો સફાયો કરી રહ્યા હતા ત્યારે કોંગ્રેસ અને સીપીએમે આ કાર્યવાહી અટકાવવા કહ્યું, આ શું બતાવે છે?

ભારતની નીતિમાં મોદીજીએ તો ‘ઑપરેશન સિંદૂર’ પછી ત્રણ મહત્ત્વના ફેરફાર જાહેર કર્યા જ હતા: ૧. ત્રાસવાદના કોઈ પણ કૃત્યને યુદ્ધનું કૃત્ય ગણી ઉત્તર આપવામાં આવશે. ૨. ત્રાસવાદીઓ અને ત્રાસવાદને પોષક સરકાર વચ્ચે કોઈ અંતર નહીં સમજવામાં આવે. ૩. પાકિસ્તાન પાસે પરમાણુ શસ્ત્રો છે તેવી ધમકીથી ભારત ડરી નહીં જાય.

**વિચાર વલોણું**

**જયવંત પંડ્યા**

પરંતુ શશિ થરૂરે તો પનામામાં જઈને કહી દીધું કે ભારત ભલે ગાંધીજીનો દેશ હોય, પરંતુ ગાંધીજીની એવી ખોટી નીતિ પર નહીં ચાલે જેમાં ગાંધીજી કહેતા હતા કે કોઈ આપણને એક ગાલ પર લાફો મારે તો બીજો ગાલ આગળ ધરવો.

આ બધાના વીડિયો ખૂબ વાઈરલ થયા પરંતુ ભારતના સેક્યુલર મીડિયાએ તેને મહત્ત્વ ન આપ્યું. જો આપ્યું હોત તો પછી ‘અમારા પર વિશ્વાસ કરો’ની જાહેરખબર આપવી ન પડત કારણકે સૉશિયલ મીડિયા પર આ બધા સાંસદોના ઉત્તરો સાંભળી પ્રસન્ન થતા દર્શકોને વાચકો તરીકે ખબર પડી કે આ સેક્યુલર પ્રિન્ટ મીડિયાએ આ સમાચારો તો લીધા જ નથી ત્યારે તેઓ દુઃખ અનુભવે છે કે વિપક્ષો ભારતની સારી છબિ રજૂ કરે ત્યારે પણ કેમ આ સેક્યુલર મીડિયા તેને પ્રસિદ્ધિ નથી આપતું?

શશિ થરૂર વિદેશમાં ભારત વતી સિમેન્ટ જેવો મજબૂત પક્ષ મૂકી રહ્યા હતા તે સમયે કોંગ્રેસના અહીંના પ્રવક્તા તેમને શું કહી રહ્યા હતા? કોંગ્રેસે દલિત નેતા ઉદિત રાજને આગળ ધરીને શશિ થરૂર પર આક્ષેપ કરાવડાવ્યો કે શશિ થરૂર ભાજપના પ્રવક્તા તરીકે વર્તી રહ્યા છે. કોંગ્રેસ આ જ ભૂલ કરે છે કે તે ભારતને ભાજપ માની બેસે છે જેના કારણે ભારતની વાત મજબૂત રીતે મૂકાતી હોય તો તેને ભાજપ માટે લાભકારક માની તેનો વિરોધ કરે છે. સરવાળે, લોકોમાં પણ સંદેશ જાય છે કે ભાજપ જ ભારત છે. ભાજપ જ ભારત માટે લાભકારક વાત કરે છે અને નીતિ અપનાવે છે.

આવામાં કોંગ્રેસના પડદા પાછળના અધ્યક્ષ રાહુલ ગાંધીએ ‘નરેન્દર (નરેન્દ્ર મોદી) મતલબ સરેન્ડર’ એટલે કે રા. સ્વ. સંઘ અને ભાજપને તો શરણાગતિ સ્વીકારવાની બ્રિટિશરો સમયથી ટેવ છે તેવું કહી વિવાદનો મધપૂડો છંછેડી દીધો. રાહુલ ગાંધી ભૂલી ગયા કે તેમનાં દાદી ઈન્દિરા ગાંધીએ જેમના માનમાં ટિકિટ બહાર પાડી હતી તે વીર સાવરકરે એવી લડત આપી હતી કે તેમને અંગ્રેજોએ બે વાર કાળા પાણીની આજીવન કારાવાસની સજા કરી હતી. ઘાંચીના બળદની જેમ તાવમાં પણ તેમની પાસે તેલ કઢાવતા હતા. કાળી કોટડીમાં પૂરીને રાખતા હતા. તમારા પરનાના નહેરુની જેમ તેમને સુખસુવિધા સાથેનો ગાદલાં-તકિયા સાથેનો રાજકીય કારાવાસ પ્રાપ્ત નહોતો.

વરિષ્ઠ રાજકીય વિશ્લેષક આનંદ રંગનાથને રાહુલ ગાંધીને જોરદાર ઉત્તર આપ્યો. તેમણે કહ્યું કે શરણાગતિ તો તમારી કોંગ્રેસ સ્વીકારતી આવી છે. ૧. નહેરુએ ભારતનું વિભાજન સ્વીકારી લીધું. ૨. પાકિસ્તાને કાશ્મીર પર ચડાઈ કરી કાશ્મીર પચાવી પાડ્યું ત્યારે સેનાએ તેને ખદેડી અડધું કાશ્મીર પાછું મેળવી લીધું ત્યારે જ તમારા પરનાનાએ શરણાગતિ સ્વીકારી લીધી હતી અને અડધું કાશ્મીર પાકિસ્તાન પાસે રહેવા દીધું. ૩. ચીનને અક્સાઈ ચીન આપી દીધું. ૪. ૧૯૬૨ના યુદ્ધમાં ચીન સામે ભારતીય સેનાને શરણાગતિ તમારા પરનાનાને કારણે સ્વીકારવી પડી કારણકે સ્વતંત્રતા સમયે તો નહેરુ સેના જ ઈચ્છતા નહોતા. તેમને તો પોલીસથી જ કામ ચલાવવું હતું અને સેના બળવો કરશે તે ભયથી સેનાને મજબૂત થવા ન દીધી. ૫. ૧૯૬૫ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં ભારતીય સેનાએ પાકિસ્તાનની ચોકીઓ જીતી લીધી તો પણ તાશકંદમાં લાલબહાદુર શાસ્ત્રી ઝૂકી ગયા. ૬. ૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં બાંગ્લાદેશ તો અલગ કરાવ્યું પરંતુ ઈન્દિરા ગાંધીએ ભારતીય સેનાએ પકડેલા પાકિસ્તાનના ૯૦ હજાર યુદ્ધકેદીઓને છોડી સામા પક્ષે ભારતીય ૫૬ સૈનિકોને છોડાવ્યા નહીં, સેનાએ જીતેલી જમીન પણ પાછી આપી દીધી અને કાશ્મીરનો પ્રશ્ન પણ લટકતો રાખ્યો. ૭. ચીનના સામ્યવાદી પક્ષ સાથે એમઓયૂ કરી લીધા. ૮. ૨૬ નવેમ્બર ૨૦૦૮ના મુંબઈ આક્રમણનો જડબાતોડ ઉત્તર ન આપીને શરણાગતિ સ્વીકારી લીધી. ૯. ડૉકલામમાં ચીનની સેના સામે ભારતીય સેના ૭૨ દિવસ મજબૂત રીતે ઊભી હતી જેના લીધે ચીનને પીછેહટ કરવી પડી તે જ સમયે રાહુલ ગાંધીએ ચીનના રાજદૂતની ગુપ્ત મુલાકાત કરી.

પરંતુ વાત આટલા પૂરતી સીમિત નથી. ઑપરેશન સિંદૂર વખતે અને તે પહેલાં પણ છત્તીસગઢમાં માઓવાદી સામે સુરક્ષા દળો ભીષણ કાર્યવાહી કરીને માઓવાદીઓને ઠાર મારી રહ્યા હતા. વિશેષ રૂપે સીપીએમ (માઓવાદી)ના મહામંત્રી નંબલા કેશવ રાય ઉપાખ્યે બસવરાજુને પણ ઠાર મરાયો. આનાથી પણ કોંગ્રેસ અકળાઈ ઊઠી. તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ બી. મહેશકુમાર ગૉડે સુરક્ષા દળોની કાર્યવાહી અટકાવવા માગણી કરી! તેમણે કહ્યું કે માઓવાદીઓ ભારતીય નાગરિકો જ છે. તેમની સાથે વાટાઘાટ કરાવી જોઈએ.

સીપીએમના નવા મહામંત્રી એમ.એ. બેબીએ પણ કહ્યું કે માઓવાદીઓ સામે કાર્યવાહી અટકાવવી દેવી જોઈએ. તેમની સાથે વાતચીત કરવી જોઈએ. આ કેટલી ગંભીર બાબત છે? આ બંને પક્ષો માઓવાદીઓને બચાવવા નીકળી પડ્યા છે. એ માઓવાદીઓ જે છત્તીસગઢ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા જેવાં રાજ્યોમાં વિકાસ થવા નથી દેતા, સુરક્ષા દળોને મારી નાખે છે, જે તિરંગો લહેરાવે તેની હત્યા કરે છે, તેમના પ્રત્યે શા માટે કૂણી લાગણી? શું આ ચીનના સંકેત પર હોઈ શકે? આનાથી તો ભાજપ માટે મોકળું મેદાન મળી જશે કે સંકટના સમયે કે અન્યથા કોંગ્રેસ અને ડાબેરી પક્ષો ભારતના શત્રુ એવા ઈસ્લામિક ત્રાસવાદીઓ અને માઓવાદીઓ તરફી હોય છે. ■

jaywant.pandya@gmail.com

# પ્રતિનિધિ – હમારે મુંહમેં તુમ્હારી ઝબાન થોડી હૈ...

**રાજકીય રસધાર**

**પ્રવીણ માધાણી**

ભારતે પહેલગામ આતંકી હુમલા બાદ હાથ ધરેલ ઓપરેશન સિંદૂર દરમિયાન ૫૦ સાંસદોનું પ્રતિનિધિમંડળ દુનિયાના લગભગ ત્રણ ડઝન દેશોમાં મોકલ્યુ હતું. એ દેશોમાં જઈને આતંકવાદના મુદ્દે પાકિસ્તાનને બેનકાબ કરવાનું એમનું કામ હતું. દેશના વિવિધ પક્ષોના ચૂંટાયેલા સાંસદો આ મંડળમાં સામેલ હતા. કોંગ્રેસથી લઈને દરેક નાનામોટા પક્ષના સાંસદો આમાં સામેલ હતા. આ પહેલો બનાવ નહોતો જયારે સત્તાધારી સરકારે વિપક્ષમાંથી વ્યક્તિ પસંદગી કરીને દેશનું પ્રતિનિધિત્વ કરવા મોકલ્યા હોય. ૨૭ ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ પાકિસ્તાન દ્વારા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનને હાથો બનાવીને કાશ્મીરમાં કથિત માનવાધિકાર ભંગનો ભારત વિરુદ્ધ પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો. આ એ સમય હતો જ્યારે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની સામે બઢતમાં હતું. વર્ષોથી કરોડરજ્જૂ વિનાના પોચકા પ્રતિનિધિત્વે ભારતનો કેસ લૂલો કરી નાખ્યો હતો. જો આ પ્રસ્તાવ પાસ થાય તો ભારતે યુનાઈટેડ નેશન્સ સિક્યુરીટી કાઉન્સિલના પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે તેમ હતો. આ પ્રસ્તાવ વિરુદ્ધ રજૂઆત કરવા ભારત દ્વારા પ્રતિનિધિ મંડળ મોકલવામાં આવ્યું હતું. દેશના કોંગ્રેસી વડાપ્રધાન નરસિમ્હારાવે એ સમયના વિપક્ષના નેતા વાજપેયીને આ પ્રતિનિધિ મંડળમાં સામેલ રાખ્યા હતા. અને આ મંડળ યુનોમાં ભારત તરફી સફળ રજૂઆતો કરીને પ્રસ્તાવને ખારીજ કરાવવામાં સફળ રહ્યું હતું. દેશના પ્રથમ પ્રધાનમંડળમાં જનસંઘના સંસ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને સામેલ રાખવામાં આવ્યા હતા. વાજપેયી સરકાર દ્વારા પણ બધાને સાથે લઈને ચાલવાની નીતિ રાખવામાં આવી હતી.

એ સરકારનું જમા પાસું બની રહે છે જો સરકાર વિપક્ષની પ્રતિભાઓનો દેશ માટે ઉપયોગ કરી શકે. કોઈપણ પક્ષને આ બાબતમાં એતરાઝ હોવો જોઈએ નહિ. વિપક્ષ માત્ર સરકારના વિરોધ માટે નથી હોતો. જયારે દેશને જરૂર પડે અને સત્તાધારી પક્ષ કે પક્ષો ઈચ્છે તો દરેકે રાષ્ટ્રહિતમાં પોતાનું યોગદાન આપવું ફરજ છે. આજે આખો દેશ એ સાંસદો પ્રત્યે અહોભાવથી જુએ છે. ગઈકાલ સુધી જે સરકારના પગલાઓની આકરી ટીકા કરતા હતા એ આજે દેશ માટે સરકાર સાથે ખભો મિલાવીને સરકાર વતી વિશ્વમાં દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને દેશની પ્રજા તેમને બિરદાવી રહી છે. અમેરિકન પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનનું વિધાન છે કે એ વ્યક્તિને જ આલોચના કરવાનો અધિકાર છે જે મદદ કરવાની ભાવના રાખે છે. બેશક આવતીકાલે ભલે એ સામસામા ચૂંટણીઓ લડે અને ચૂંટણી લક્ષી આક્ષેપ પ્રતિ-આક્ષેપ કરે, પણ આજે જયારે દેશને તેની પ્રતિભાની જરૂર પડી છે ત્યારે તેણે દેશ માટે તેનો ઉપયોગ કર્યો છે. ટોળાની યાદદાસ્ત નબળી હોય છે, પણ પ્રજા સારી વાતો લાંબા સમય સુધી યાદ રાખે છે.

આપણે સૌ કોંગ્રેસી આગેવાન અને સાંસદ શશિ થરુરના અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વથી પરિચિત હતા. એમના અસ્ખલિત વાક્પ્રવાહના મીમ્સ સોશ્યલ મીડિયા પર ખુબ ચાલતા. એવી ક્યાં ખબર હતી કે એમનું આ ભાષાજ્ઞાન દેશ માટે આવા તબક્કે ખુબ ઉપયોગી બની રહેશે. ઓવૈસી પણ એવા જ એક નેતા છે. ઓવૈસી સરકાર વિરુદ્ધ પોતાની રાજકીય આક્રમકતા માટે જાણીતા છે. ભારતીય મુસ્લિમ નેતાગીરીનો એક ગણમાન્ય ચહેરો છે. સત્તાધારી પક્ષ ભાજપ અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ ખુબ આકરી રાજકીય ભાષામાં તેઓ વાત કરે છે. એમની આ આક્રમકતા પણ પાકિસ્તાનને ધોબીપછાડ આપવામાં ખુબ કામ લાગી છે. આ માત્ર બે જાણીતા ચહેરાઓની વાત છે. એવા ઘણા પ્રતિભાશાળી સદસ્યો હતા જેણે પોતાની ખાસિયત અને તાકાતનો દેશ માટે ઉભા થયેલા આ અવસરમાં બખૂબી ઉપયોગ કર્યો છે. એમણે એવા બેખોફ નિવેદનો પાકિસ્તાન વિરુદ્ધ કર્યા છે, જેવા નિવેદનો કરતા કદાચ કોઈપણ બે વખત વિચાર કરે. કોલંબિયા જેવા દેશે જેણે પાકિસ્તાનને સમર્થન આપ્યું હતું તેણે થરૂરની મુલાકાત બાદ પોતાના સૂર બદલીને ભારતને મજબૂત ટેકો જાહેર કર્યો છે. કદાચ સરકારને પણ આવા પરિણામોની અપેક્ષા નહિ હોય. આ પગલાથી વિશ્વ સ્તરે પાકિસ્તાન સામે ભારતનો મોટો કૂટનીતિક વિજય થયો છે. ભારતના આ પગલાથી દુનિયામાં એક સંદેશ સ્પષ્ટ ગયો છે કે જયારે દેશના સાર્વભૌમ અને અખંડતા પર આઘાત થાય છે ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સિવાય ભારતના નેતાઓ દેશ માટેની બાબત માટે એક સૂરમાં વાત કરે છે. બીજા કોઈ ખાસ પક્ષ સિવાય કોંગ્રેસમાં આ પ્રતિનિધિમંડળ વિરુદ્ધ ગણગણાટ શરુ થઈ ગયો છે. કોંગ્રેસમાંથી શશિ થરુર, મનીષ તિવારી, સલમાન ખુર્શીદ, આનંદ શર્મા, પૂર્વ કોંગ્રેસી ગુલામનબી આઝાદ જેવા ધુરંધરો સામેલ હતા કે જેણે દુનિયાના અલગ અલગ દેશોમાં આતંકવાદ અને પાકિસ્તાન વિરુદ્ધ ભારતનો મજબૂત પક્ષ રાખ્યો. રાજકીય ગલીયારામાં એવો ગણગણાટ પણ થઈ રહ્યો છે કે નરેન્દ્ર મોદી સરકારે કોંગ્રેસના આ પ્રતિનિધિઓ પસંદ કરીને રાહુલ ગાંધીનું કદ કોંગ્રેસ અને વિપક્ષના નેતા તરીકે વેતરી નાખ્યું છે. સરકારે કોંગ્રેસને તેમના તરફથી કોણ પ્રતિનિધિ આ સર્વદલીય મંડળમાં જશે એની પસંદગીનો અવકાશ પણ આપ્યો નથી. કોંગ્રેસમાં ચણભણ થવી લાઝમી છે. કોંગ્રેસમાં બીજી અને ત્રીજી કેડરને જે રીતે હાંસિયામાં ધકેલી દેવામાં આવી છે એવા સમયે આ પ્રતિનિધિત્વ એમને મુખ્યધારામાં લાવી શકે છે. જે વિપક્ષી નેતાઓ ભારતીય જનતા પક્ષની વિચારધારા સાથે ભલે ન જોડાઈ શકે તેમ હોય, તેઓ દેશની મુખ્ય વિચારધારામાં જરૂર સામેલ થઈ શકે છે.

ખુબ મોટા અને અનેક મોરચાથી લડવાનું હોય, ત્યારે દરેક મોરચે એક સેનાપતિની જરૂર પડે છે. રાજા ભેદભાવ ભૂલીને યોગ્ય તાકાતને મોરચે લગાડે તો વિજયની સંભાવનાઓ વધી જાય છે. ભારતનું પાકિસ્તાન સાથે યુદ્ધ અનેક મોરચે લડાઈ રહ્યું છે. પોતાની વિચારધારા સાથે સંમત ન હોય તેવા સેનાપતિઓની પસંદગી કરીને વડાપ્રધાને પોતાની કૂનેહનો ફરી એકવાર પરિચય આપ્યો છે.

ક્વિક નોટ -- DO I NOT DESTROY MY ENEMIES, WHEN MAKE THEM MY FRIENDS? – ABRAHAM LINCOLN ■

production@infiniumpharmachem.com

# સાહેબ..! માણસ ગાંડો કેમ થઈ જતો હશે ?

**હાસ્યાય નમઃ**

**ડો. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૧) આજની પેઢી રખડું, આળસુ, વ્યસની, દિશાહીન, ધ્યેયહીન, બાપના પૈસે તાગડધિન્ના કરનાર છે. આમાં વાંક કોનો? ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

જીવ બાળો મા, તમારો એકલાનો નથી.

(૨) ચકલા ક્યારેય બાજ કેમ ન બની શકે?
ઉન્નતિ મહેતા (રાજકોટ)

બાજ પણ ચકલા ક્યાં બની શકે છે?

(૩) કોઈને મારવા માટે આપેલા કોન્ટ્રાક્ટને ‘સોપારી‘ જ કેમ કહેવામાં આવે છે?
મહેન્દ્ર મકવાણા (કરજણ વડોદરા)

ગુનાખોરીની દુનિયામાં ઝંપલાવવાનો (કુ)વિચાર તો નથીને?!

(૪) સાહેબ..! માણસ ગાંડો કેમ થઈ જતો હશે?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

કોઈક ડાહ્યા માણસની અડફેટે ચડી ગયો હશે!

(૫) ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારા ભાઈબહેન છે તો લગ્નના માંગા પાકિસ્તાનમાં નાખી શકાય?
પરમાર હર્ષિદા ટી. ( વા-સોજીત્રા પાટણ)

એના કરતાં કુંવારા રહેવું સારું.

(૬) પ્રેમ અને પૈસાના માર્ગમાંથી કયો માર્ગ પસંદ કરવો જોઈએ? કનુભાઈ પરમાર (દામનગર)

લે હજી સુધી તમે માર્ગ પણ પસંદ નથી કર્યો?

(૭) માટે ત્રણ ભાભી મા સમાન. મારે ભત્રીજા છે. એને મારે બોલાવવા હોય તો કઈ રીતે બોલાવવા?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

તમે કાકા મટી ને ભત્રીજા બનવાનો પ્રયત્ન ન કરો.

(૮) વેકેશન ખુલી ગયું એટલે હું બહુ રાજી થયો છું. તમે?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

બે ત્રણ તોફાની છોકરાંઓના બાપ લાગો છો!

(૯) તમે વરસાદની આગાહી ક્યારે કરશો?
રતિલાલ ડાભી (લીલીયા મોટા)

હવે મારે આગાહી કરવાની જરૂર જ નથી પડતી. વરસાદ સમજીને એના સમયે આવી જ જાય છે.

(૧૦) દરેક ડૉક્ટર પોતાની ફીના નાણાં કેમ રિસેપ્શન કાઉન્ટર ઉપર આપવા એવું જણાવે છે?
યોગેશભાઈ આર જોશી(હાલોલ)

ડોક્ટર બિચારા પૈસા ગણવામાં રહે તો સારવાર કોણ કરે, રિસેપ્શનિસ્ટ?!

(૧૧) કર ભલા તો હોગા ભલા પણ કરવાનું શું?
જય દવે (ભાવનગર)

કાંઈ કરવાનું નથી. આ સુવિચાર પાંચ જણાને મોકલી દો એટલે તમારું કામ પૂરું.

(૧૨) મારે મકાન લેવા લોન લેવી છે. તમે મારા જામીન થાશો?
રમાબેન પટેલ (અમદાવાદ)

મારે મકાન વેચવું નથી!

(૧૩) કંપનીવાળા ઓફર કે પ્રલોભન માટે આપણને કોલ કરે છે તો તેમને આપણો નંબર ક્યાંથી મળતો હશે ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)

×ગોલમાલ હૈ ભાઈ સબ ગોલમાલ હૈ× એવું એક હિન્દી ફિલ્મનું ગીત છે.

(૧૪) આપણા દેશમાં સિંહની સંખ્યા વધે છે ને પાકિસ્તાનમાં ગધેડાની સંખ્યા વધવાનું કારણ?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

ચીન પાકિસ્તાનથી ગધેડા આયાત કરે છે. પાકિસ્તાન ચીનને ના કેમ પાડી શકે?

(૧૫) બધાં એમ કેમ કહેતા હશે કે દાંત બહુ કાઢયા ? દાંત કાઢવાથી તો બોખા થઈ જવાય!
ધોળકિયા પ્રવિણભાઈ લાલજીભાઈ (અમરાપરા બાબરા)

હવે ક્યાં કોઈ દાંત કાઢે છે. અમુક લોકો હસે છે ને અમુક તો માત્ર સ્માઈલ જ કરે છે! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# મહાજાતિ ગુજરાતી એના સંતાનોને પૈસા કમાતા ન શીખવી શકે?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય



ગુજરાતીઓ આ દુનિયાની એક મહાજાતિ છે. દેશમાં આપણને વેપારી પ્રજા તરીકે ઓળખવામાં આવે છે. હકીકતમાં આપણામાંના સહુ કંઈ વેપારી નથી. પરંતુ આપણી ઓળખ વેપારી પ્રજા તરીકેની એટલે છે કે દેશના અન્ય રાજ્યોની પ્રજાની તુલનામાં આપણી નાણાંકીય સભાનતા અધિક હોય છે. આપણે વેપારી છીએ એમ લોકો કહે છે એનો અર્થ કે આપણે વેપારી તરીકે શ્રેષ્ઠ છીએ. ભારતમાં ગુજરાતીઓથી ઉપરના દરજ્જાના વેપારી તરીકે રાજસ્થાની - મારવાડીઓને માનવામાં આવે છે. અને એનાથીય ઉપર વ્યાપારી કુશળતા માટે સિંધીઓને સ્વીકારવામાં આવે છે. મૂળ વાત તો બજાર સાથે કામ કરવાની કળાની છે. પણ આ કળામાં ગુજરાતીઓ હવે પેઢીઓ બદલાતા થોડાક પાછા પડતા દેખાય છે. જેની અસર બજારો પર જોવા મળે છે.

સમાજનો નવી પેઢીનો એક મોટો વર્ગ એવો છે જે પિતા કે દાદાનો, ધંધાનો વારસો લેવા ચાહતો નથી. જો એને દુરાગ્રહથી કદાચ ધરાર ધંધામાં કે ફેક્ટરી પર બેસાડવામાં આવે તો એમાં કંઈ ભલીવાર ન હોય. ગુજરાતમાં બહારથી તો દાખલા દેવા માટે એમ દેખાતું હોય કે ધીરુભાઈ અંબાણીનો વારસો મુકેશ અંબાણીએ સંભાળી લીધો. પરંતુ સાવત્રિક રીતે જુઓ તો એવા ઉદાહરણો બહુ ઓછા છે. નવી પેઢી વેપાર કે ઉદ્યોગને બદલે નોકરીમાં વધુ વિશ્વાસ રાખતી થઈ ગઈ છે.

ઉપરાંત વેપારીઓએ પણ કિસાનોની જેમ પોતાની ફરિયાદો કરવાનું સતત ચાલુ રાખ્યું છે. વાત કદાચ સાચી પણ હશે પરંતુ એને કારણે એની નવી પેઢીને જ એમ થાય છે કે આમાં હવે કોઈ માલ નથી. કિસાનોની નવી પેઢી તો હવે મહત્ કિસ્સામાં જાતે ખેતી કરતી નથી. આપણા સૌરાષ્ટ્રની પ્રજાએ પંચમહાલ જિલ્લાનું તો કલ્યાણ કરી નાખ્યું છે. ગોધરાની બજારમાં સૌરાષ્ટ્રમાંથી કમાયેલા મહેનતના રૂપિયાની બોલબાલા છે. ટાવર રોડે જેટલી ગિરદી નથી એટલી તો ગોધરાની બજારોમાં છે. ધન્ય છે સૌરાષ્ટ્રના કિસાનોને કે એમણે આદિવાસીઓને પોતાને આંગણે બોલાવીને એમના જીવન ધોરણને નવી ઊંચાઈ આપી.

હકીકતમાં જુઓ તો પિતાની ખેતી કે પિતાના વેપાર-ધંધા ઊભા કરવામાં વર્ષો વીતી ગયા હોય છે અને એવડી મોટી સંપત્તિનું સર્જન કરવાની તાકાત ભાગ્યે જ કોઈ નોકરીમાં હોય છે. પરંતુ નવી પેઢી આ બધો વિચાર કરવાને બદલે પોતાના તરંગો પ્રમાણે આગળ વધે છે, જેને કારણે ક્યારેક કુટુંબમાં મતભેદ પણ થાય છે. ગુજરાતી માતા-પિતાઓએ પોતાના સંતાનોને વધારે પડતા લાડકોડમાં ઉછેર્યા એનું પરિણામ તેઓ ભોગવી રહ્યા છે. અને આવું જ પરિણામ આવે એની કોઈ નવાઈ નથી. એની સામે બહુ ઓછા સાધનો અને ઓછી સગવડમાં ઉછરેલા બાળકો આગળ જતાં બહુ તેજસ્વી થયા હોવાનું જોવા મળે છે.

સંખ્યાબંધ નાના પરિવારના સંતાનો આજે બહુ ઊંચામાં ચાલે છે. સમાજ આ બધું જોઈ રહ્યો છે. છતાં સુખી કુટુંબોમાં પોતાના સંતાનોને છાવરવામાં હજુ પણ દરેક માતા અને પિતા બહુ કુશળતાપૂર્વક વકીલાત કરતા જોવા મળે છે. એનું પરિણામ હજુ પણ વધુ ખરાબ આવવાની શક્યતા છે. પશ્ચિમના જગતમાં આવું નથી. ત્યાં તો થોડું ઘણું ભણીને નોકરી કરવા જવાની બધાને ઉતાવળ હોય છે. જ્યાં જુઓ ત્યાં દરેક વ્યક્તિ ૧૫ વર્ષની ઉંમર વટાવે કે તુરત જ એ કોઈને કોઈ પ્રોડક્ટ હાથમાં લઈને વેચવાની શરૂઆત કરી દે છે. અથવા તો કોઈ ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં નોકરી કરે છે અને કોઈ પેટ્રોલ પંપે નોકરી કરવા લાગે છે. કોઈ સવારે છાપા નાખે છે, તો કોઈ ટ્રાફિક પોલીસમાં ભરતી થઈ જાય છે. પરંતુ કામ તો બધા જ કરે છે. એમ કરતા કરતા જ તેઓ લાખો ડોલરના આસામી બને છે. આપણા દેશમાં એવી પરિસ્થિતિ છે કે એક જણ કમાય અને પાંચ કે સાત જણ ખાય. ધારો કે સંતાનો નાના હોય અને ગૃહિણી ઘરનું બધું કામ સંભાળતી હોય અને ઘરનો મોભી નોકરી કે ધંધો કરતો હોય એ સ્થિતિ શરૂઆતમાં બરાબર છે.

પરંતુ સંતાનો પંદર-વીસ વર્ષના થાય પછી પણ આપણા દેશમાં તો એને કમાણી કરવાનો વિચાર આવવાને બહુ વાર લાગે છે. ગ્રેજ્યુએટ થયા પછી પણ ત્રણ-ચાર વર્ષ ભણનારા સંતાનો આપણે ત્યાં છે. એમને ભણવાની કોણ ના પાડે છે? પરંતુ તેમણે એ તો સમજવું જોઈએ કે પરિવાર ઉપર તેઓ બહુ લાંબા સમય માટે બોજ ન બની શકે. સંતાનો જ્યારે ૨૫ વર્ષના થાય ત્યારે માતાપિતાની કાર્યશક્તિ પણ મયાદિત થઈ હોય છે. તેમને જિંદગીમાં એક વિશ્રામની જરૂર હોય છે. તેઓએ પોતાના સંતાનોનું ઘડતર કરવાનો એક આખો તબક્કો પૂરો કરેલો હોય છે અને છતાં તેઓ પોતાના પૌત્ર કે પૌત્રીને નવેસરથી તૈયાર કરવા માટેની તૈયારીમાં જ હોય છે. પરંતુ આ સમયે જો જુવાનજોધ દીકરો પોતાની આવડત પ્રમાણેના કામકાજ હાથમાં ન લે તો એ ઘર કદી તરી શકે નહીં.

માતાપિતા એમ કહેતા નથી કે ભાઈ તું લાખ રૂપિયા કમાઈ લાવ. એ તો એમ જ કહે છે કે હવે કંઈક કામવા લાગો એટલે આપડો દિ' સુધરતો થાય. મંદી તો હમણાં આવી. પણ મંદી ન હતી ત્યારે પણ અનેક યુવાનો રખડતા જોવા મળતા હતા. જેમાંના મોટાભાગના હજુ રખડે છે. તેઓનામાં સભાનતા જ ન હતી કે તેમની ઉંમર પૈસા કમાવા માટેની પસાર થઈ રહી છે. જુવાનીમાં કમાયેલો પૈસો જો સંપત્તિમાં રૂપાંતરિત ન થાય તો આયુષ્યને અવશેષે એ પૈસા કોઈ કામમાં આવતા નથી. આ સંસારમાં સંપત્તિ જેવી સ્થિર લક્ષ્મી બીજી એકેય નથી. એ સંપત્તિનું સર્જન કરવાની જવાબદારી નવી પેઢીની છે અને એ એની જેટલી વહેલી શરૂઆત કરે એટલો એ પરિવાર જલ્દી ઊંચો આવે છે.

જે લોકો કુંવારા રહી જાય છે એનું કારણ એક તો એ પણ છે કે વ્યાવસાયિક સાહસિકતાનો અભાવ હોય છે. અમરેલીના ધૂળ ઉડાડતા રસ્તાઓએ જાહેર અવરજવરને તો નુકસાન કર્યું છે પરંતુ સામાજિક રીતે પણ બહુ નુકસાન કર્યું છે. કોઈ સંભવિત વેવાઈ ઉમેદવાર મુરતિયાનું ઘર જોવા અમરેલી આવે તો આ શહેરની એના પર શું છાપ પડે ? આજકાલની કન્યાઓને આવા નગરોમાં આખી જિંદગી પસાર કરવાનું ગમે ખરું ? એના પર પણ સ્થાનિક સમાજે વિચાર કરવાની જરૂર છે. અમરેલીના રસ્તાઓની ધૂળ કોઈની ભાગ્ય રેખા પર ઉડવા લાગી છે. આટલી હદે આપણે પહોંચી ગયા છીએ. આ સ્થિતિ નવી પેઢીએ સાવધાન થવાની સ્થિતિ છે. કારણ કે ઘોડાવેગે સમય વહી રહ્યો છે અને કીડી વેગે આપણે વિચારતા રહીશું તો ભવિષ્ય હાથમાંથી રેતીની જેમ સરી જશે. ■

# તારા નામનો તરાપો

વાર્તા વિશ્વ



યોગેશ પંડ્યા



બરાબર ખરો મધ્યાન્હ જામ્યો હતો. સૂર્ય ઉપરથી જાણે અગનગોળા વરસાવી રહ્યો હતો. નાનકડા ટાઉનની શાકમાર્કેટ હતી અને ગ્રાહકોની સારી એવી ચહલપહલ હતી. અને નગરપાલિકાએ વિધિવત શાકમાર્કેટનું નામાભિધાન કરવાનું બાકી હતું. વરસોથી શાકભાજીના વેપારીઓ પોતાના ગજા મુજબ સ્ટોલ ખોડી છાંયડા નીચે શાકભાજીનો પથારો કરી શાકભાજી વેચતા. બરાબર એવે ટાણે માર્કેટની વચ્ચોવચ્ચ એક આલિશાન ચકચકિત કાર આવીને ઊભી રહી. આમને સામને બેઠેલા શાકભાજીના વેપારીઓ, છૂટક મૂટક બેચાર શાક લઈને બેઠેલા સ્ત્રી - પુરૂષો અને ગ્રાહકો કારને ફાટી આંખે તાકી રહ્યા ! "સર, શાકમાર્કેટ આવી ગઇ..." આગળ બેઠેલા મેનેજરે કહ્યું અને વીસ હજારના રેબેનના ડાર્ક બ્લેક ગોગલ્સમાંથી શાકમાર્કેટનું નિરીક્ષણ કરી રહેલા બોસે કહ્યું : "મને ખબર છે મેનેજર..." "તો સર, આપણે નીચે ઉતરીએ ?" મેનેજરે બહુ નમ્રતાથી કહ્યું "આજુબાજુમાં કાર પાર્કિંગ કરતો આવું." "ઓ.કે. મેનેજર..." બોસે નીચે ઉતરતા પૂછયું : " આપણે કયાંથી શાકભાજી લાવીએ છીએ ?" "જુઓ સર, સામે દેખાય એ ચંદુભાઇ કાછિયાને ત્યાંથી" મેનેજરે ચંદુભાઇએ મસમોટા વાળી લીધેલ સ્ટોલ બતાવતા કહ્યું : "ચંદુભાઇ ફર્સ્ટ નંબરનું શાક લાવે છે સર. આપણે બપોરની અને રાત્રીની પાળીમાં આવતા વર્કરો માટે એમનું જ શાક સપ્લાય કરીએ છીએ." "શું ધૂળ ફર્સ્ટ નંબરનું શાક આવે છે ?" બોસ ઉર્ફે સંજય કાછડિયાએ મેનેજરને ઉધડો લઈ લેતા કહ્યું : " તમે કયારેય આપણાં રસોડામાં ગયા છો ? બટેકુ કયારેય જોયું છે ? રીંગણાની અંદર બી કેટલા બધા છે એ તપાસ્યું ? કાકડી કોઇ દિ' ચાખી ? કોબીજ દેશી છે કે વિલાયતી, તેની ખરાઇ કરી ? લીંબુ કાર્બનથી પાકયા છે કે નેચરલી એ જોયું ? દૂધીને કયારેય હાથમાં લઇને જોઈ છે કે કડવી છે કે પાકલ ? ઉંધિયું ખાઇ તો લો છો પણ સરગવામાં દળ કેટલો છે એ તપાસ્યુ ? કોથમરીને હાથમાં લઈ હથેળીમાં મસળીને સુંધી જોઇ છે કે એમાંથી સ્મેઇલ આવે છે કે નહીં ? તમને તો એ પણ ખબર નહીં પડતી હોય કે આ કોથમરી દેશી છે કે નહી ?? માર્કેટની વચ્ચોવચ્ચે ઊભો રહી ગયેલો અને દમામદાર લાગતો એક પુરૂષ યાને કે સંજય કાછડિયાને જોઇ આખી માર્કેટ જાણે "ફ્રીઝ" બની ગઇ હતી. તેના હોઠોમાંથી આગના ગોળા જેવા આ બધા પ્રશ્નોના તણખા ઉડતા હતા અને જનરલ મેનેજર સુરેશ રામાણી નજર ઢાળીને સાંભળી રહ્યો હતો. અને બોસનો હાથ તેના ખભા પર પડયો : "મેનેજર મને આપણાં વેપારી ચંદુભાઇના સ્ટોલે લઇ જાવ." "જી સર... જુઓ સામે જ છે.." પરંતુ ચંદુભાઇએ સુરેશ રામાણીને જોઇ લીધો હતો એટલે કંઇક અંશે આઇડિઆ તો આવી જ ગયો હતો. આ બન્ને ત્યાં પહોંચે એ પહેલા તો એ થડો ઉતરીને સામે દોડી આવ્યો : "આવો આવો સાહેબ..." પછી સુરેશને આંખોથી જ ઈશારો કરીને આ "મૂર્તિ" કોણ છે એ પૂછી લીધું અને ઈશારો પારખીને સુરેશે પરિચય કરાવ્યો : " ચંદુભાઇ, આ છે અમારી ફેકટરીના માલિક, શેઠ સાહેબ!! " "ઓહો... ધન્ય ઘડી ધન્ય ભાગ્ય..." ચંદુ શેઠે બે હાથ જોડયા.

બોલતા ખુરશી ઢાળી દીધી "ફરમાવો શેઠ સાહેબ... શાકભાજી તો મારૂં જ બધુ જાય છે તમારે ત્યાં..." સ્ટોલમાં પડેલા શાકભાજી તરફ એક દ્રષ્ટિ દોડાવીને અછો-અછો વાના કરતો ચંદુ કાલાવાલા કરવા માંડયો : "બધો જ ફર્સ્ટ નંબરનો માલ...."

"ઠીક છે.." સંજયે એક દૃષ્ટિ બટેકા અને રીંગણા તરફ નાખીને પૂછયું : "ગઇકાલે આજ બટેકા મોકલ્યા હતા ?" "હા....જી. શેઠસાહેબ..." ચંદુ બે હાથ જોડીને બોલ્યો : "એકદમ ફર્સ્ટ નંબરનો માલ !!" "હમ્મ્મ..." સંજયે કહ્યું : "શું ભાવ છે બટેકાનો ?" "કિલોના છૂટક પાંત્રીસ પણ હોલસેલમાં વ્યાજબી કરી આપુ છું..." "ગઇકાલનું બીલ બતાવો...""જી..." કરતા ચંદુએ કાચું બીલ આપ્યું. જેમાં ઘણી બધી શાકભાજીના નામ તો લખેલા હતા પણ કેન્ટિનમાં જોવા મળ્યા ન હતા ! સંજયે ચશ્મા ઉતાર્યા અને પછી મેનેજર અને ચંદુ સામે તીક્ષ્ણ નજર નાખીને કહ્યું : "કાલે આ બટેટા કેન્ટિનમાં નહોતા ચંદુ શેઠ... જુઓ તમારા થડા પાછળ જે નાની બટેટીઓ અને બાજુના સુંડલામાં અડધાં સડેલા બટેટા દેખાય છે એ હતા. મેં મારી સગી નજરે જોયું છે અને રીંગણાની તો વાત જ કરશો નહીં. એકલું કડછું રીંગણુ આવે છે અને ભાવ તોડી નાખે એવા લ્યો છો ! મરચાં.... ટમેટા.... ગાજર... કાકડી... દૂધી... ભીંડો... બધું સડેલું અને નાખી દીધા જેવું હોય છે..." અને પછી મેનેજર તરફ આગ ઝરતી આંખે જોયું : "તમને કટકીના કેટલા મળે છે એ સાચે સાચ્ચું બોલજો... નહીંતર અહીંયાને અહીંયા જ કાઢી મૂકીશ. પછી તમારા ભાઇબંધ જોડે શાકભાજી વેચવા બેસી જાજો... મને બધી જ ખબર પડી ગઇ છે. હું છેલ્લા એક મહિનાથી કેન્ટિનમાં જઇને ચેક કરતો હતો સમજ્યાં ? મારા મોબાઇલમાં તમામ તારીખ સાથેના શાકભાજીના ફોટા છે... " અને મોબાઇલ જયાં હાથમાં લીધો કે સુરેશ પગમાં પડી ગયો : " સાહેબ, ભૂલ થઇ ગઇ અને મોટા ભાઇના કુટુંબનો પેટ ગુજારો પગારમાં ટૂંકો પડતો હતો એટલે..." "આઇ હેટ યુ... મેનેજર... અત્યારે તમે ચાલ્યા જાવ " ગુસ્સાથી ભભૂકી ઉઠતા સંજયે આસપાસના વેપારીઓ સાંભળે એમ સુરેશને કાઢી મુકતા કહ્યું : "વર્કરોને ખાવા માટે અપાતી વસ્તુમાં તમને કટકી કરવાનું સૂઝયું ? શરમ આવવી જોઇએ તમને !! પગાર તમને પૂરો આપું છું. તમારે પ્રશ્ન હતો તો મારી પાસે રજૂઆત કરવી હતી. તેને બદલે આ ધંધો ?? " અને પછી ચંદુ શેઠને પણ તતડાવી નાખ્યા. સુરેશ રામાણી ચાલતો થઇ ગયો. "સર... પ્લીઝ બી કૂલ... લો ઠંડુ પાણી પીવો.." આગના ભભૂકતા ગોળા જેવા સંજયને ખભે કોઇનો હાથ અડયો, તો ગરમીનો પારો નીચે ઊતર્યો. તેણે બાજુમાં ઊભેલા વ્યક્તિ તરફ નજર કરી તો એક ત્રીસેક વર્ષનો યુવાન ઊભો હતો. સંજય તેને ઓળખી ગયો. પાંચેક વર્ષ પહેલા એ ફેકટરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે આવતો પ્રશાંત હતો. "પ્રશાંત તું ? " "હા સર, આ સામે મારો સ્ટોલ છે. હું રેડીમેઇડ કપડાનો બિઝનેસ કરૂં છું. સારૂં ચાલે છે. પ્લીઝ સર, મારા સ્ટોલે આવો. સંજયે પાણી પીધું. ચંદુ ઉપર એકવાર નજર ફેંકી, પ્રશાંત સાથે ચાલતો થયો. પાણી અને પછી પ્રશાંતના ખાસ આગ્રહથી ઠંડુ પી, ઘટી ગયેલી ઘટનાની ચર્ચા કરી ત્યારે પ્રશાંતે કહ્યું : "સર આખી જ માર્કેટમાં શુધ્ધ તાજું અને લગભગ ઓર્ગેનિક કહી શકાય એવો એક જ થડો છે અને તે લેડીઝ છે. વેપાર ખૂબ ઓછો છે પણ તેની પાસેથી લાવેલા રીંગણાનું એકવાર શાક ખાવ અને તમને બત્રીસ પકવાનનો સ્વાદ પણ ઓછો પડે... "ઓહ્હહ... કયા બાત ? તો તો મારે ત્યાં જ જવું પડશે." " નામ તો એનું મધુ છે પણ મધુર જરાય નથી. મરચાં જેવા તીખ્ખો છે. ચાલો સર, હું આવું ? " જવાબમાં સંજયે હસીને કહ્યું : "ના... ના... હું પાર પાડી લઇશ. મારે તો બસ લોકોને સારૂં જમાડવું છે !!" અને ધીમે પગલે એ આઠમે સ્ટોલે પહોંચ્યો ત્યારે રીંગણાના ઢગલામાંથી સડેલા રીંગણા ગોતી ગોતીને નીચે ફેંકતી મધુનું ધ્યાન આછા ગુલાબી રીંગણાને પ્રસન્નતાથી તાકી રહેલા ગોગલ્સધારી પુરૂષ ઉપર પડતાં જ શરીરથી અળગાં થઇ ગયેલા સાડીના છેડાને ઢાંકી દેતા મધુએ કડક અવાજે પૂછયું : " એ ભાઇ... કયારનાય શું તાકી રહ્યા છો ? રીંગણા જોવે છે તો બોલો, મરચા જોવે છે તો ઈ બોલો કૂણી કાકડી જેવી કોબીય છે ને દૂધ જેવી દૂધીય છે. બોલો તો ખબર પડે, આમ કયારનાય..." "ઓહહ..." એના અવાજનો લ્હેકો સાંભળી સંજયને ધક્કો લાગ્યો તે વીસ વરસ પાછો ધકેલાઇ ગયો : "ઓહહ... આ તો મધુભાભી !! પણ મધુભાભી અહીંયા ?? આ રીતે ? આમ ?? એ મધુના ઉજ્જડ કપાળને અને કેશ કલાપમાં ઠેકઠેકાણે આવી ગયેલા ધોળા વાળને તાકી રહ્યો પણ આંખો ? આંખો તો કોફી કલરની એ જ રહી છે ! અને ડાબા ગાલે રહેલો મસો પણ યથાવત છે. દાંતની પંકિતઓ હજી તૂટી પણ નથી અને છૂટ્ટી પણ પડી નથી. આજ મધુભાભી એકવાર પોતાના માટે મેથીની અને તાંજળિયાની ભાજી વાડીએથી લાવી દેતા, આંખા રીંગણાનું શાક પોતાને ભાવે છે એવી ખબર પડી કે દેશી રીંગણું ઝીણકું ઝીણકું એક એક તોડીને ઘરે આપી જતા. બદલામાં શું માંગતા ? હરકિસન મહેતા, અશ્વિની ભટ્ટ, પ્રિયકાંત પરીખ અને વિઠ્ઠલ પંડયાની નવલકથાઓ !! બારમું ધોરણ સારા ટકાએ પાસ કરીને કોલેજ કરવા ખૂબ જ ઈચ્છતી મધુને ઓગણીસમે વરસે તો ખોબા જેવડા ગામમાં આઠ ધોરણ પાસ કાળુ સાથે પરણાવીય દીધી પણ કયાં કાળુ ? કયાં મધુ ? એક બુઝાતો દીવો અને એક શરદઋતુનો ચાંદ ! એક સૂનો નદીનો કાંઠો અને એક બે-કાંઠે વહેતી ફલકુ ! એક સાંઠીડાંખળા જેવું શરીર તો સામે પંચાવન કિલોની દળદાર માંસલ કાયા ! પણ સંસાર ચાલતો હતો. સંજયની સામે જ રહેતા એટલે અહુરસવાર મધુ આવી ચડતી અને વાંચવા માટે પ્રણયકથાઓ લઇ જતી ત્યારે એની આંખોમાં તરસ દેખાતી યોગ્ય પાત્ર સાથે માવતરે ન પરણાવ્યાની !! એ અધૂરપની કદાચ પરોક્ષ રીતે સંજય પાસેથી પૂર્તિ થતી.. " એ ભાઇ... તમને કહું છું કયારનાય ટીકી ટીકીને શું જોઇ રહ્યા છો ? " અને જાણે સહરામાં વીજળી પડી. બારેય મેઘ ખાંગા થઇ ગયા : " કોણ સંજુભાઇ ? " સામે છેડે આંખોમાંથી અનર્ગળ પાણી !! પળો વીતી. સ્વસ્થતા વ્યાપી મધુ બોલી " તમારા ભાઇબંધને કોરોનાએ લૂંટી લીધા. બે દીકરા ને એક દીકરી છે ત્રણેય ભણે છે. માંદગી તો હતી જ તમારા ભાઇબંધને પહેલેથી. પાંચ વિઘા જમીન વેચાઇ ગઇ પછી મારી મોટીબેને અહીંયા તેડાવી લીધી. આ શાકભાજીનો થડો કર્યો. પેટગુજારો થાય એટલું મળી રહે છે સંજુભાઇ .... પણ તમે ? કેટલા વરસે તમને જોયા ? દુ:ખણા લેતા મધુ બોલી : " હું તમને કયારેય ભૂલી નથી હોં સંજુભાઇ. તમે મને જે આપ્યું છે એ ભાથું જ તો મને મારા કપરા સમયમાં કામ લાગ્યું છે બાકી તો..." "ત્યારે મારી પાસે કશું જ નહોતું ભાભી ! અને આજે મારી પાસે કોઇ કમી નથી. તમે મને એક લિસ્ટ બનાવીને આપજો તમારો દિયર તમને કોઇ ચીજવસ્તુની કમી નહી રહેવા દે !!" "ના..." રણટંકાર જેવા સ્વરે મધુએ જવાબ વાળ્યો : "મફતમાં કશું જ નહી. તો તો મારી દાનત બગડે અને દાનત બગડે એટલે જીવતર પણ બગડે સંજુભાઇ !"

"જીવતર બગાડીને હું તમને મદદ કરવા નથી માંગતો પણ સ્વમાન અને સન્માન જાળવીને જ તમને યથાયોગ્ય મદદ કરવા માગુ છું. હું એક ફેકટરીનો માલિક છું. સવાર સાંજ સો કારીગરો કામ કરે છે. એને ટોકન ફીમાં જમાડું છું. બસ મારે માટે સવાર સાંજ સારામાં સારૂં શાક-બકાલું તમારી પાસેથી જોઇએ છે અને હા ખાલી નામ સાંભળીને નહીં પણ તમારી શાકભાજીના વખાણ સાંભળીને આવ્યો છું. તમે મને શાકભાજી સપ્લાય કરી શકશો ?? " વળતો જવાબ મધુ તો શું આપે ? જવાબ તો તેની ભીની આંખો આપી રહી હતી. એ ભીનાશમાં તેના બાળકોના સપના તરી રહ્યા હતા, અને એ સપનાને આજ સંજુ નામનો તરાપો મળી ગયો હતો !! ■

# જ્યોતિ તો પતિ વિજયને સાચો પ્રેમ કરતી હતી



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

"આ સમાજ, આ આખી દુનિયા કહે છે કે સ્ત્રીની બુધ્ધિ પગની પાનીએ હોય છે પરંતુ હું કહું છું કે સ્ત્રીની બુધ્ધિ તેના કપાળ પર રહેલા કુમકુમ ચાલ્લામાં અને સેથામાં, તેની સિંદૂરભરી માંગમાં તીવ્રતાથી છુપાયેલી હોય છે. તારી આટલી બધી મોટી કથા સાંભળી મને થાય છે કે, સ્ત્રી ચેતીને ચાલે અને તેના કંથની અનુમતીથી કોઇપણ કાર્ય કરે તો... એ સ્ત્રી આગમાં પણ માર્ગ મેળવી શકે છે અને પાણીમાં પણ રસ્તો શોધી લે છે.." હવે દામલે તર્ક સંબંધી વાત કરતાં આગળ કહ્યું. "જ્યોતિ, તું ભલે પરિણીત હો પરંતુ હજી પણ મને તો તું કુંવારી અને નાદાન કુમળી કળી જેવી જ દેખાય છે. તીવ્રતાભરી તારી કલ્પના આકાશને ચૂમે તો નવાઇ નહીં. તું જેવી દેખાય છે તેવી નથી અને તું જેવી છે તેવી જોવામાં પણ આવતી નથી. તારૂં રૂપ તો કંઈક અલગ જ છે. તારી સઘળી અદા પણ ખૂબ વિચિત્ર છે. વળી તારી જીભ પર તો જાણે સાક્ષાત સરસ્વતી બેઠી હોય તેમ મને લાગી રહ્યું છે. હા, તને તો હું તારા પગથી કે માથા સુધી ઓળખું છું. આવું બધું સ્પષ્ટ જાણવા છતાં પણ હું તો તને જ પ્રેમ કરીશ અને એ પણ મારા મૃત્યુ સુધી ! તારે તારા સંસારમાં સુખી થવા મને ભૂલી જવું એ તારો ધર્મ નહીં પણ સ્વાર્થ ગણાય. છતાં... બેશક તું મને ભૂલી જજે, પણ હું તો તને કયારેય ભૂલી જ નહી શકું..." આંખમાં ઝળઝળિયાં આવતાં આટલું બોલી દામલ ચૂપ થયો. પછી હાથરૂમાલથી તેણે તેની આંખો લૂછી.

આવી પરિસ્થિતિ થતાં જ્યોતિ ઘડીભર તો અચકાઇ જઈને સૂનમૂન ઊભી રહી. પછી અચાનક શું થયું કે તે ઝડપથી દામલને ભેટી પડી અને પછી દામલની છાતીમાં મોઢું છુપાવીને રડવા જ લાગી. બસ હૈયાફાટ રૂદન કરતી રહી, ખરેખર જ્યોતિનું અત્યારનું રૂદન અફાટ હતું. એટલે તો દામલના બન્ને હાથના પંજા જ્યોતિની પીઠ પર પ્રેમથી કયાંય સુધી ફરતા જ રહ્યા. ત્યારે દામલની આંખો પણ ભીની તો હતી જ...

આમ જુઓ તો દામલ હજી કાચો કુંવારો યુવાન જ હતો. હજી તો તેણે તેની જિંદગીની શરૂઆત કરવાની પણ બાકી હતી. ત્યાં તો નસીબજોગે આ કેવું બધું થઇ ગયું. હવે તેના ભવિષ્યનું શું ? સાચે જ દામલ તો તેની જગ્યાએ ખરે જ સાચો હતો. પરંતુ સમય અને સંજોગો માણસ જાતને બધી રીતે મજબુર અને લાચાર બનાવી દે છે. અત્યારે દામલ તેનો આ જીવંત પુરાવો હતો.

તો પછી જ્યોતિ પણ અત્યારની પરિસ્થિતિ પ્રમાણે સાવ સાચી જ હતી તે તો પરિણીતા હતી, સુહાગણ હતી અને પતિને પરમેશ્વર માનતી વિજયની પત્ની હતી. પરંતુ સેકન્ડ કલાસ ઓફિસર એવા પતિના શરીરમાં કુદરતે પૌરૂષત્વની શારીરિક ખામી રાખી દઇને જ્યોતિને આવું કામ કરવા મજબુર બનાવી દીધી હતી. હા, જ્યોતિ કંઇ અવળા માર્ગે કયારેય ગઇ ન હતી. એવો વિચાર પણ તેને આવ્યો ન હતો. કોઇની પથારી ગરમ કરવાની તેની નેમ કે તેનો ઈરાદો ન હતો.. એ તો...

જ્યોતિ તો પતિ વિજયને સાચો પ્રેમ કરતી હતી. વિજય પણ પત્ની જ્યોતિને દિલથી પ્રેમ કરતો હતો, ચાહતો હતો. પરંતુ પતિને પુત્રેષ્ણા એટલી બધી તીવ્ર હતી કે નાછૂટકે જ્યોતિને આવી લીલા કરવી પડી, આવું પગલું ભરવું પડયું એ તો ઠીક, પરંતુ આવું કરવા માટે આડકતરી રીતે વિજયની સંમતી અને ઈચ્છા પણ હતી જ. એનું કારણ વિજય તો જાણતો જ હતો કે, જ્યોતિ મારાથી સંતુષ્ટ નથી થતી. આખરે સંતુષ્ટ થવા માટે એક સ્ત્રી ગમે તે રસ્તે જઇ ચડે તેના કરતા પહેલેથી જ સંમતી આપવી સારી. જેથી કરીને તેની પસંદગી પ્રમાણેનું પાત્ર, પુરૂષ પસંદ કરે. સારૂં અને સાચું શરીરસુખ તો જ મળી શકે. એટલે તો જ્યોતિએ દામલ સાથે શરીરસંબંધ બાંધ્યો, શરીરસુખની ચરમસીમા અનુભવી અને ગર્ભવતી પણ બની.

આવું બધું વિચારતા હવે જ્યોતિનાં નયનો સજળ થયાં. એ સાથે રડતી જ્યોતિ સામે ધુંધળું છતાં એક ભયાનક દૃષ્ય ખડું થયું :

એક દિવસ સાંજના સાડા સાત વાગે વિજય ઓફિસેથી ઘરે આવ્યો. જ્યોતિએ હસીને તેના હાથમાંથી બેગ લઇ લીધી અને ઠંડા પાણીનો પ્યાલો આપ્યો. થોડું પાણી પી લઇ વિજય સોફામાં આડો થયો. તેની આંખો થોડી લાલ દેખાતી હતી અને ચહેરો પણ સાવ ઉદાસ હતો. એટલે જ્યોતિએ સામાન્ય રીતે એમ પૂછયું : "ઓફિસનું કામ વધારે છે ?" "ઓફિસના કામને તો હું પહોંચી વળું પરંતુ માનસિક રીતે મને કયાંય ચેન નથી જ્યોતિ ! મને મારો દીકરો મળશે કે નહીં તેની જ ચિંતા કોરી ખાય છે. આપમેળે જ આ ચિંતા વધે છે. પછી સહન ન થાય તેવા વિચારો હવે તો ખૂબ જ વધતા રહે છે. હું ખૂબ જ કંટાળી ગયો છું. હું સાચું કહું તને ? !! (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# નરેન્દ્ર મોદી આજે સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાના પ્રવાસ માટે રવાના થશે

નવીદિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૮ જૂને પોતાના નામે વધુ એક રેકોર્ડ નોંધાવવા જઈ રહ્યા છે. હા, આજથી શરૂ થનારી ત્રણ દિવસની મુલાકાતના છેલ્લા તબક્કામાં પીએમ મોદી ૧૮ જૂને ક્રોએશિયા પહોંચશે. અત્યાર સુધી ભારતના કોઈ પણ વડાપ્રધાને ક્રોએશિયાની સત્તાવાર મુલાકાત લીધી નથી. પીએમ મોદી ક્રોએશિયાની મુલાકાત લેનારા પહેલા પ્રધાનમંત્રી



હશે. ક્રોએશિયાના પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેન્કોવિકના આમંત્રણ પર તેઓ આ યુરોપિયન દેશની સત્તાવાર મુલાકાત લેશે. પીએમ મોદી ક્રોએશિયાના પ્રધાનમંત્રી પ્લેન્કોવિક સાથે દ્વિપક્ષીય મુલાકાત કરશે અને રાષ્ટ્રપતિ જોરાન મિલાનોવિચને પણ મળશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે (૧૫ જૂન) સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાની મુલાકાત માટે રવાના થશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેઓ કેનેડામાં G૭ સમિટમાં હાજરી આપશે અને સાયપ્રસ અને ક્રોએશિયાની પણ મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે આ ભારતીય વડાપ્રધાનની ક્રોએશિયાની પ્રથમ મુલાકાત હશે, જે દ્વિપક્ષીય સંબંધોની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ સાબિત થશે. મોદી ૧૫-૧૬ જૂને સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સના આમંત્રણ પર પ્રથમ સાયપ્રસની મુલાકાત લેશે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બે દાયકામાં ભારતીય વડાપ્રધાનની સાયપ્રસની આ પ્રથમ મુલાકાત હશે.

# કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની શક્યતા બાદ યુપી પ્રશાસને અયોધ્યામાં ઉર્સના આયોજન ઉપર પ્રતિબંધ મૂક્યો

(એચ.એસ.એલ),અયોધ્યા,તા.૧૪

શાંતિ ભંગ થવાની અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની શક્યતા અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ અયોધ્યાના વહીવટીતંત્રે જિલ્લામાં 'દાદા મિયા ઉર્સ'ના આયોજન પર પ્રતિબંધ મૂક્યો છે. છેલ્લા બે દાયકાથી અહીં આયોજિત ઉર્સ ઉત્સવ શનિવાર અને રવિવારે યોજાવાનો હતો. વિશ્વ હિન્દુ પરિષદની ફરિયાદ બાદ, અયોધ્યા વહીવટીતંત્રે ખાનપુર મસોધા વિસ્તારમાં દાદા મિયા મઝાર ખાતે દર વર્ષે આયોજિત દાદા મિયા ઉર્સની પરવાનગી રદ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર,




સ્થાનિક વિહિપ સભ્યો લાલજી શર્મા અને સૂર્યકાંત પાંડેએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ખાનપુર મસોધા ખાતે ગાઝી બાબાના નામે સભાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આયોજકોએ સ્થાનિક વહીવટીતંત્ર પાસેથી ઉર્સ દાદા મિયાના નામે ઉર્સ યોજવા માટે પરવાનગી લીધી હતી, પરંતુ તેઓ ગાઝી બાબાના ઉર્સના નામે રસીદો છાપીને દાન એકત્રિત કરતા જોવા મળ્યા હતા. પોલીસ સર્કલ ઓફિસર આશુતોષ તિવારીએ જણાવ્યું હતું કે, ઉર્સ દાદા મિયાના નામે આપવામાં આવેલી પરવાનગી રદ કરવામાં આવી છે, કારણ કે એવું જાણવા મળ્યું છે કે ઉર્સ ગાઝી બાબાના નામે આયોજન કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન, ઉર્સ આયોજન સમિતિનો કોઈ અધિકારી આ મુદ્દે બોલવા તૈયાર નથી.

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અમરેલી જિલ્લાના વતની હિરપરા દંપતીના અંતિમ સંસ્કાર કરાયા

અમરેલી, તા.૧૪



ગુરુવારે અમદાવાદથી લંડન જઈ રહેલ વિમાનનો અકસ્માત થયો હતો. જેમાં બેઠેલા ૨૪૧ મુસાફરોએ પોતાની જિંદગી ગુમાવી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે એક પણ મૃતદેહની ઓળખ થઈ શકતી ન હતી તેના માટે તેના પરિવારજનોના ડીએનએ સેમ્પલ લેવાયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા તમામ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ કર્યા બાદ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૂળ અમરેલીના અને હાલ અમદાવાદ રહેતા બાબુભાઈ હિરપરા અને વિમળાબેન હિરપરાના ડીએનએ મેચ થતાં તેમના અંતિમ સંસ્કાર અમદાવાદ નિકોલ ખાતે કરવામાં આવ્યા હતા.

# છત્તીસગઢ દારૂ કૌભાંડના પૈસાથી બનેલું કોંગ્રેસ ભવન ઈડી દ્વારા જપ્ત કરવામાં આવ્યું

રાયપુર,તા.૧૪

ઈડીએ છત્તીસગઢ દારૂ કૌભાંડના સંબંધમાં કોંગ્રેસ નેતા કાવાસી લખમાની ઘણી મિલકતો જપ્ત કરી છે. ખાસ વાત એ છે કે ઈડીએ કોંગ્રેસના સુકમા જિલ્લા મુખ્યાલય પણ જપ્ત કર્યું છે. આ ઈમારત છત્તીસગઢ પ્રદેશ કોંગ્રેસ સમિતિના નામે છે. આવી સ્થિતિમાં, સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું કોંગ્રેસ ઈમારત કૌભાંડના પૈસાથી બનાવવામાં આવી હતી. ઈડીએ કવાસી લખમાની પુત્રીની ઘણી મિલકતો પણ જપ્ત કરી છે. પાછલી કોંગ્રેસ સરકાર દરમિયાન, ૨૧૦૦ કરોડ રૂપિયાનું કથિત દારૂ કૌભાંડ થયું હતું. તેની સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં આ મિલકતો જપ્ત કરવામાં આવી છે. કોંગ્રેસ નેતાની મિલકતો જપ્ત કરવાનો આદેશ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ જારી કરવામાં આવ્યો છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જપ્ત કરાયેલી મિલકતોમાં કવાસી લખમાના નામે રાયપુરમાં એક રહેણાંક મકાન અને તેમના પુત્ર હરીશ કાવાસીના નામે સુકમામાં એક મકાનનો સમાવેશ થાય છે. આ મિલકતોની કિંમત ૬.૧૫ કરોડ રૂપિયા છે. આ પહેલી વાર છે જ્યારે ફેડરલ તપાસ એજન્સીએ મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ કોઈ રાજકીય પક્ષની મિલકત જપ્ત કરી છે.

# એર ઈન્ડિયાએ પણ વળતરની જાહેરાત કરી, વિમાન દુર્ઘટનાના પીડિતોને ૨૫ લાખ રૂપિયા આપશે

નવીદિલ્હી,તા.૧૪

એર ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં વળતર આપવાની જાહેરાત કરી છે. એર ઈન્ડિયાએ તેની પોસ્ટમાં કહ્યું, તાજેતરના અકસ્માતમાં જીવ ગુમાવનારા મુસાફરોના પરિવારો સાથે એર ઈન્ડિયા એકતામાં ઉભી છે.

આ અતિ મુશ્કેલ સમયમાં અમારી ટીમ સંભાળ અને સહાય પૂરી પાડવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. પોસ્ટમાં આગળ, એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, અમારા સતત પ્રયાસોના ભાગ રૂપે, એર ઈન્ડિયા તાત્કાલિક નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટે મૃતકોના પરિવારજનો અને બચી ગયેલા લોકોને રૂ.૨૫ લાખ અથવા આશરે ૨૧,૦૦૦ જીબીપીની વચગાળાની ચુકવણી કરશે. આ ટાટા સન્સ દ્વારા પહેલાથી જ જાહેર કરાયેલ ૧ કરોડ અથવા આશરે ૮૫,૦૦૦ જીબીપી સહાય ઉપરાંત છે.

# ઈન્ડિગોએ વિદેશ જતા ભારતીયોને ફ્લાઈટની તપાસ કરી ઘેરથી નીકળવા કરી અપીલ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને કારણે વિદેશ જતા ભારતીયોને સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં, ઈન્ડિગો અને એર ઈન્ડિયાએ એડવાઈઝરી જારી કરી છે અને લોકોને ફ્લાઈટની સ્થિતિ તપાસતા રહેવાની અપીલ કરી છે. ઈન્ડિગોએ કહ્યું છે કે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે, ઈરાનના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ




કરી શકાતો નથી. આવી સ્થિતિમાં, કેટલીક ફ્લાઈટ્સનો રૂટ બદલાઈ શકે છે, કેટલીક ફ્લાઈટ્સ મોડી પણ થઈ શકે છે. ઈન્ડિગોએ વિદેશ જતા લોકોને અપીલ કરી છે કે તેઓ એરપોર્ટ માટે ઘરેથી નીકળતા પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસે. નવીનતમ અપડેટ મુજબ, સમયસર ઘરેથી નીકળો. સલાહકારમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઘણી ફ્લાઈટ્સમાં મુસાફરીનો સમય વધી શકે છે.

ઈન્ડિગોએ એક્સ પર લખ્યું, ઈરાન અને તેની આસપાસના વિસ્તારોનું હવાઈ ક્ષેત્ર હજુ પણ ઉપલબ્ધ નથી. કેટલીક ફ્લાઈટ્સને તેમના રૂટ બદલવા પડી શકે છે, જેના કારણે મુસાફરીનો સમય વધી શકે છે અથવા ફ્લાઈટ મોડી ઉપડી શકે છે. અમે એરપોર્ટ માટે રવાના થતા પહેલા અમારી વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશન પર તમારી ફ્લાઈટની સ્થિતિ તપાસવાની ભલામણ કરીએ છીએ. અમારી ટીમો તમને કોઈપણ પ્રકારની સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ અને ઉપલબ્ધ છે.

# ફાલ્કન ૯ રોકેટની ખામી દૂર થઈ, શુભાંશુ શુક્લા ૧૯ જૂને અવકાશમાં જાય તેવી શક્યતા

નવીદિલ્હી,તા.૧૪

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર લઈ જનારા મિશનનું લોન્ચિંગ હવે ૧૯ જૂને થઈ શકે છે. ઈસરોના જણાવ્યા અનુસાર, એક્સિઓમ સ્પેસ કંપનીએ ફાલ્કન ૯ રોકેટમાં પ્રવાહી ઓક્સિજન લીકને ઠીક કરી દીધો છે, જેના કારણે ૧૧ જૂને લોન્ચિંગ મુલતવી રાખવું



પડ્યું હતું. ઈસરોએ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે ઈસરો, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સ વચ્ચેની બેઠક દરમિયાન, પુષ્ટિ થઈ હતી કે ફાલ્કન ૯ લોન્ચ વાહનમાં જોવા મળેલા પ્રવાહી ઓક્સિજન લીકને સફળતાપૂર્વક ફીટ કરવામાં આવ્યો છે. એક્સિઓમ સ્પેસે જણાવ્યું હતું કે તેઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ઝ્વેઝ્ડા સેવા મોડ્યુલમાં દબાણ વિસંગતતાનું મૂલ્યાંકન કરવા માટે નાસા સાથે નજીકથી કામ કરી રહ્યા છે. એક્સિઓમ સ્પેસ હવે ૧૯ જૂન, ૨૦૨૫ ના રોજ લોન્ચિંગ માટે લક્ષ્ય બનાવી રહ્યું છે.

# નીટ યુજી ૨૦૨૫ નું પરિણામ જાહેર : ટોપ ૧૦ માં ગુજરાતના બે ઉમેદવારોએ બાજી મારી

નવીદિલ્હી,તા.૧૪

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ નીટ યુજી ૨૦૨૫ પરીક્ષામાં બેઠેલા લાખો વિદ્યાર્થીઓની રાહનો અંત લાવ્યો છે. શનિવારે, એનટીએએ સત્તાવાર વેબસાઈટ પર નીટ યુજી ૨૦૨૫ નું પરિણામ જાહેર કર્યું છે. આ પરીક્ષામાં કુલ ૧૨૩૬૫૩૧ વિદ્યાર્થીઓએ પોતાની સફળતા દર્શાવી છે.



મહેશ કુમારે આમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. રાજસ્થાનના મહેશ કુમારે ૯૯.૯૯૯૯૫૪૭ પર્સન્ટાઈલ મેળવ્યા છે. મધ્યપ્રદેશની ઉત્કર્ષ અવધિયા બીજા સ્થાને છે. તમને જણાવી દઈએ કે આ વર્ષે ટોપ ૧૦ ની યાદીમાં ફક્ત એક જ છોકરી છે. ટોપ ૧૦ની યાદીમાં ૩ ઉમેદવારો દિલ્હીના છે. બે ઉમેદવારો ગુજરાતના અને બે મહારાષ્ટ્રના છે. તે જ સમયે, એક-એક પંજાબ અને મધ્ય પ્રદેશનો છે.

# 'હવે ફ્લાઈટ નંબર ૧૭૧ ક્યારેય આકાશમાં ઉડશે નહીં', એર ઈન્ડિયા અને એઆઈ એક્સપ્રેસે જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૧૪

એર ઈન્ડિયાનું વિમાન એઆઈ-૧૭૧ ગુરુવારે અમદાવાદમાં અકસ્માતનો ભોગ બન્યું. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોએ જીવ ગુમાવ્યો. આ અકસ્માતમાં ફક્ત એક જ વ્યક્તિ જીવિત રહી છે. આ વિમાન દુર્ઘટના બાદ, એર ઈન્ડિયા એરલાઈન કંપનીએ એક મોટી જાહેરાત કરી છે. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ ક્યારેય ફ્લાઈટ નંબર '૧૭૧' નો ઉપયોગ કરશે નહીં. સૂત્રોએ આ માહિતી આપી હતી. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૧ લોકો માર્યા ગયા હતા. ટેકઓફ પછી તરત જ ક્રેશ થયેલ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન અમદાવાદથી લંડન ગેટવિક જતી ફ્લાઈટ નંબર એઆઈ ૧૭૧' ઓપરેટ કરી રહ્યું હતું.

# સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ભાજપ સિવાય કોઈપણ પક્ષ સાથે ગઠબંધન : શરદ પવાર

મહારાષ્ટ્ર,તા.૧૪

મહારાષ્ટ્રમાં આગામી થોડા મહિનામાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓને લઈને રાજકારણ ગરમાઈ ગયું છે. રાજકીય પક્ષોએ રાજકીય સમીકરણો ગોઠવવાનું શરૂ કરી દીધું છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર,એનસીપી શરદ પવાર જૂથ સ્થાનિક સ્વરાજ્ય



ચૂંટણીમાં ભાજપ સિવાય કોઈપણ પક્ષ સાથે ગઠબંધન કરી શકે છે. એટલું જ નહીં, એનસીપી અજિત પવાર જૂથ પણ રાષ્ટ્રવાદી શરદ ચંદ્ર પવાર પક્ષ માટે જોડાણનો વિકલ્પ બની શકે છે. અહેવાલ મુજબ, મહાયુતિ અને મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષોએ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. શું સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ગઠબંધન તરીકે લડવામાં આવશે કે પછી તે પોતાના દમ પર લડવામાં આવશે?

**જે ખેડૂતોએ રજી. કરાવ્યું છે તેને મેસેજ મળ્યા છે પણ બાજરીનો તોલ થતો નથી**

# કોડીનાર તાલુકામાં ટેકાના ભાવે બાજરીની ખરીદી ચાલુ નહી થતાં ખેડૂતો પરેશાન

ડોળાસા, તા.૧૪

કોડીનાર તાલુકામાં ઉનાળુ બાજરીનું આ સાલ મોટું વાવેતર થયું છે. જે પાક તૈયાર થઈ ગયો છે પણ સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી ચાલુ કરવામાં નહિ આવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ગુજરાત સરકાર દ્વારા બાજરીની નોંધણી પ્રક્રિયા ચાલુ કરવામાં આવી ત્યારે મોટા ભાગના ખેડૂતોએ



તસવીર : અનીલ કાનાબાર

નોંધણી કરવી દીધી છે. એટલુ જ નહિ નોંધણી કરાવનાર ખેડૂતોને મેસેજ પણ મળી ગયા પણ આખરી સમયે બાજરીનો તોલ શરૂ કરવામાં આવ્યો નથી. જાણકારોના કહેવા મુજબ ગાંધીનગરથી કોઈ સૂચના નહિ મળતાં બાજરીની ખરીદી શરૂ થઈ નથી. હાલ બાજરીનો પાક તૈયાર થઈને ખેડૂતોના ઘેરે આવી ગયો છે. વાવેતર મોટું હોય સાચવવાની મુશ્કેલી છે તેમાં ચોમાસુ નજીક હોય અને સિઝનની આખર હોય ખેડૂતો નાણાંકીય મુશ્કેલીમાં હોય ત્યારે બાજરીનો તોલ તુરત શરૂ કરવા માંગ ઉઠી છે.

# દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને પાંચ વિકેટે હરાવીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ જીતી

નવીદિલ્હી,તા.૧૪

દક્ષિણ આફ્રિકાએ ટેમ્બા બાવુમાની કેપ્ટનશીપ હેઠળ ઈતિહાસ રચ્યો છે. લોર્ડ્સમાં રમાયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫ ની ફાઈનલમાં, તેણે ચાર દિવસમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને ૫ વિકેટથી હરાવ્યું છે. આમ કરીને, દક્ષિણ આફ્રિકાએ વર્લ્ડ કપ માટે ૩૩ વર્ષની રાહનો અંત લાવી પ્રથમ વખત સિનિયર ક્રિકેટમાં વિશ્વ ચેમ્પિયન બનવાનું સન્માન મેળવ્યું. દક્ષિણ આફ્રિકાની



જીતના સ્ટાર્સ ફાસ્ટ બોલર કાગીસો રબાડા અને ઓપનર એઈડન માર્કરામ હતા. રબાડાએ મેચમાં ૯ વિકેટ લીધી અને માર્કરામે ચોથી ઈનિંગમાં શાનદાર અણનમ સદી ફટકારી. કેપ્ટન ટેમ્બા બાવુમાએ હેમસ્ટ્રિંગ ઈજા સામે લડતા ૬૬ રન પણ બનાવ્યા. મેચના ચોથા દિવસે કાયલ વેરેનના બેટ પરથી વિજયી રન નીકળતાની સાથે જ લોર્ડ્સના ડ્રેસિંગ રૂમમાં દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ તેમજ સ્ટેડિયમમાં હાજર દરેક દક્ષિણ આફ્રિકાના ચાહક અને સામાન્ય ક્રિકેટ ચાહકે પણ આનંદ વ્યક્ત કર્યો. આખરે, વર્ષોની હૃદયદ્રાવક હાર બાદ, આ દેશને ક્રિકેટમાં સફળતા મળી. દક્ષિણ આફ્રિકાએ ૨૭ વર્ષ પહેલા ૧૯૯૮માં ચેમ્પિયન્સ ટ્રોફી (આઈસીસી નોક આઉટ ટ્રોફી) તરીકે તેનું છેલ્લુ આઈસીસી ટાઈટલ જીત્યું હતું. ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકાને જીતવા માટે ૨૮૨ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

## દાહોદમાં વીજળી પડતા પિતા-પુત્રનું મોત, વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી

# રાજ્યના અનેક જિલ્લામાં ભારે પવન સાથે વરસાદનું આગમન

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં વિરામ બાદ ફરી વરસાદી માહોલ જામ્યો છે. શનિવારે રાજકોટ, અમરેલી, દાહોદ, છોટાઉદેપુર, મહિસાગર, ગોંડલ સહિતમાં વરસાદ વરસ્યો હતો. તેમજ દાહોદમાં વીજળી પડતા પિતા-પુત્રનું મોત થયું છે. અમદાવાદ સિવિલમાં ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. હાલોલ શહેરમાં શનિવારે અચાનક વાતાવરણમાં પલટો આવતા ભારે ફૂંકાયેલા વાવાઝોડાએ જ્યોતિ સર્કલ વિસ્તારમાં ભારે તબાહી સર્જી છે. ભારે પવન સાથે વાદળો ગોરંભાયા અને ધૂળ ભરી હવા વચ્ચે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. રોડ પરથી પસાર થતી કાર પર મોટું હોર્ડિંગ ધરાશાયી થયું હતું. જોકે, કારચાલકનો આબાદ બચાવ થયો હતો. ચોટીલામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જોરદાર પવન તેમજ વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ થતા ગરમીથી લોકોને રાહત મળી છે. ચોટીલા હાઈવે પર વરસાદના કારણે વાહનો પણ થંભી ગયા હતા. ગાંધીનગરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. ધૂળની ડમરીઓ ઊડવાની સાથે ભારે પવન ફૂંકાયો.



ખેડા જિલ્લામાં મોડી સાંજે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. નડિયાદમાં વીજળીના કડાકાભડાકા સાથે ભારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો છે. શહેરમાં ધોધમાર વરસાદ વરસવાના કારણે અસહ્ય ગરમીથી ત્રસ્ત લોકોએ પહેલા વરસાદની મજા માણી હતી. તો વળી નડિયાદ શહેરના આસપાસના વિસ્તારોમાં હજી વરસાદની ધીમી ગતિએ શરૂઆત થઈ રહી છે. મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. ભારે પવનો ફૂંકાવાની સાથે આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા છે. દિવસ દરમિયાન અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ સાંજના સમયે આવેલા વાતાવરણમાં પલટાથી લોકોને ગરમીમાંથી હાલ પૂરતી આંશિક રાહત મળી છે. ગોંડલ શહેરમાં તેમજ કોટડા સાંગાણી પંથકના રામોદ ગામે કાળા ડિબાંગ વાદળો વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતા ગોંડલ શહેરના મુખ્ય માર્ગો પર પાણી વહેતા થયા હતા. અમરેલી જિલ્લામાં બાબરા પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. બગસરા, ખાંભા, સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

## અમદાવાદ વિમાન દુર્ઘટનાનો લાઈવ વીડિયો બનાવનાર વ્યક્તિની અટકાયત કરાઇ

અમદાવાદ,તા.૧૪

અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ હવે તેજ થઈ ગઈ છે. ત્યારે અમદાવાદ વિમાન દુર્ઘટનાનો લાઈવ વીડિયો બનાવનાર વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. સમાચાર આવ્યા છે કે અમદાવાદ પોલીસે ૧૭ વર્ષના આર્યનની અટકાયત કરી છે. ૧૨ જૂનના રોજ અમદાવાદના મેઘાણી નગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. તે સમયે, મેઘાણી નગરના



૧૭ વર્ષના સગીરે બનાવેલા વીડિયોમાં આખી ઘટના કેદ થઈ ગઈ હતી. આર્યન નામના સગીરે મેઘાણી નગરમાં છગંજી કી વાડી પાસે જમીન પર તૂટી પડેલા વિમાનનો વીડિયો બનાવ્યો હતો.

## રાજ્યમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ,તા.૧૪

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં આવતીકાલે સાબરકાંઠા, અરવલ્લી, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રવિવારે ૧૫ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે અતિભારે વરસાદને પગલે ઑરેન્જ ઍલર્ટ અને રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ,



અરવલ્લી, મહીસાગર, દાહોદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં ૧૬ જૂને રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડમાં અતિભારે વરસાદનું ઑરેન્જ ઍલર્ટ અને બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ૧૭ જૂનના રોજ રાજ્યના ૧૨ જિલ્લામાં હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં અમદાવાદ, આણંદ, બોટાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે. રાજ્યમાં ૧૮ જૂનના રોજ કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને ૧૯ જૂનના રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

## ટાટા ગ્રુપ વિમાનમાં સવાર મુસાફરો ઉપરાંત, માર્યા ગયેલા ૩૩ લોકોને પણ વળતર આપશે

અમદાવાદ,તા.૧૪

ટાટા ગ્રુપે જાહેરાત કરી છે કે તે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૩૩ અન્ય લોકોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપશે. આનો અર્થ એ થયો કે ટાટા ગ્રુપે કહ્યું છે કે તે એવા લોકોને પણ વળતર આપશે જેઓ વિમાનમાં નહોતા પરંતુ આ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો છે. ઘટના સમયે, આ ૩૩ લોકો અમદાવાદમાં બી.જે. મેડિકલ કોલેજના કેમ્પસમાં હતા. આ કેમ્પસ અમદાવાદ એરપોર્ટની બાજુમાં આવેલું છે. ટાટા ગ્રુપે એમ પણ કહ્યું છે કે તે અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના તબીબી ખર્ચમાં સહયોગ આપશે. ગ્રુપે કહ્યું છે કે તે ખાતરી કરશે કે ઘાયલોને જરૂરી સંભાળ અને સહાય મળે. ટાટા ગ્રુપે વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા ૨૪૧ લોકોના પરિવારોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. ટાટા ગ્રુપ દ્વારા જાહેર કરાયેલા ૧ કરોડ રૂપિયા ઉપરાંત, અકસ્માતમાં જીવ ગુમાવનારા મુસાફરોને વીમા કંપનીઓ તરફથી લગભગ ૧.૫ કરોડ રૂપિયાનું વળતર પણ મળશે.

# પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીનાં અંતિમ દર્શન રેસકોર્સ ખાતે થશે : શહેરભરમાં શ્રદ્ધાંજલિ અપાઈ

રાજકોટ,તા.૧૪

સ્વ.પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પ્લેન દુર્ઘટનામાં નિધન થયું છે. બે દિવસથી તેમનો ડીએનએ મેચ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. તેમના પત્ની અંજલિ રૂપાણી લંડનથી ગઈકાલે સવારે અમદાવાદ પરત ફર્યા હતા. શનિવારે વહેલી સવારે તેમનો પુત્ર રૂષભ રૂપાણી પરિવાર સાથે અમેરિકાથી ગાંધીનગર આવ્યો છે.




ડીએનએ મેચ થતાં વિજય રૂપાણીનો મૃતદેહ પરિવારને સોંપાશે. પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીનાં અંતિમ દર્શન કાર્યક્રમનું આયોજન રાજકોટ રેસકોર્સ ખાતે કરવામાં આવશે. સવારથી ભાજપનાં નેતા, કાર્યકરો તેમના પરિવારને સાંત્વના પાઠવવા તેમના નિવાસસ્થાન ગાંધીનગર અને રાજકોટ ખાતે આવી રહ્યાં હોવાની જાણકારી મળી છે. હાલ ખુરશીઓ અને જર્મન ડોમ ઊભો કરી કવિ રમેશ પારેખ રંગમંચમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવશે. રાજકોટમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે. શહેરના અનેક માર્ગો પર શ્રદ્ધાંજલિ પાઠવતા બેનર લાગ્યા છે, કિસાનપરા ચોક સહિતના વિસ્તારોમાં બેનરો લગાવાયા છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના ૩ દિવસ પછી પણ મૃતદેહ મળ્યો

અમદાવાદ,તા.૧૪

અમદાવાદમાં તાજેતરમાં થયેલા વિમાન દુર્ઘટના બાદ બચાવ કામગીરી ચાલુ છે. આ પછી, સતત ત્રીજા દિવસે કાટમાળમાંથી મૃતદેહ મળી આવ્યો છે. વિમાનની પૂંછડીમાં એક મૃતદેહ મળી આવ્યો છે. બચાવ કાર્યકરોએ શનિવારે એર ઈન્ડિયા એઆઇ-૧૭૧ વિમાનના પાછળના ભાગના કાટમાળમાંથી વધુ એક મૃતદેહ બહાર કાઢ્યો છે.



વિમાન દુર્ઘટના બાદ કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. શનિવારે સમિતિના સભ્યો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ બધા વચ્ચે, ઘટનાસ્થળે કાટમાળ દૂર કરવાનું કામ ચાલી રહ્યું છે. દરમિયાન, શનિવારે સવારે વિમાનના પાછળના ભાગમાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો. એનડીઆરએફ ટીમે મૃતદેહ બહાર કાઢ્યો હતો. હાલમાં, મૃતદેહને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યો છે. દરમિયાન, એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરોના સભ્યોએ પણ ત્યાં પડાવ નાખ્યો હતો. ઘટનાસ્થળને સુરક્ષિત કરવામાં આવ્યું છે. એએઆઈબી સભ્યએ જણાવ્યું કે અમે તપાસ શરૂ કરી દીધી છે.

## ૧૧ લોકોના ડીએનએ નમૂનાઓ મેચ, ૮ લોકોના મૃતદેહ પરિવારોને સોંપવામાં આવ્યા

અમદાવાદ,તા.૧૪

અમદાવાદમાં ભયાનક વિમાન દુર્ઘટના બની હતી. આ અકસ્માતના ૨૮ કલાકમાં જ વિમાનનું બ્લેક બોક્સ પણ મળી આવ્યું છે. બ્લેક બોક્સની તપાસ કર્યા પછી જ ખબર પડશે કે છેલ્લી ક્ષણોમાં વિમાનની અંદર શું ચાલી રહ્યું હતું. દરમિયાન, અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના નમૂનાઓ અને તેમના સંબંધીઓના ડીએનએ નમૂનાઓ સાથે મેચ કરીને મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે.






## PGVCLની ખાતાકીય પરીક્ષામાં ગોલમાલ, ૧૨૦થી વધુ ઉમેદવારને માર્ક્સ બારોબાર વધારી દેવાયા

રાજકોટ, તા.૧૪

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ગત તારીખ ૨૭ એપ્રિલે ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટમાંથી જુનિયર આસિસ્ટન્ટ બનવા માટેની




ખાતાકીય પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં વીજ કંપનીના ૮૫૦ થી વધુ કર્મચારીઓએ આ પરીક્ષા આપી હતી. જુનિયર આસિસ્ટન્ટની ૩૮ જેટલી ખાલી પડેલી જગ્યા માટે ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ કેટેગરીના કર્મચારીઓએ ૧૦૦ માર્કની પરીક્ષા આપી હતી. પીજીવીસીએલએ લીધેલી આ પરીક્ષામાં પહેલું પરિણામ ૨૭ મેના રોજ જાહેર કરાયું હતું, ત્યારબાદ ફરી ૧૦ જૂને રીવાઈઝ પરિણામ જાહેર કરતા વિવાદ થયો હતો. કારણ કે બીજા પરિણામમાં ૧૨૦થી વધુ ઉમેદવારોના પરિણામમાં ૧થી લઈને ૩૫ માર્ક બારોબાર વધારી દીધા હતા. તાજેતરમાં જ જાહેર કરવામાં આવેલા આ પરીક્ષાના પરિણામમાં ગોલમાલ થઈ હોવાના આક્ષેપ સાથે વીજ કંપનીના જ જુદા જુદા યુનિયને પીજીવીસીએલના એમ.ડી.થી લઈને GUVNL સુધી ફરિયાદ કરી છે.






# સોમનાથ ચોપાટી દરિયામાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

ઉના, તા.૧૪

ઉના સોમનાથના ચોપાટી દરિયામાંથી આજે સવારે અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. દરરોજની જેમ ઘોડેસવારી માટે આવેલા અશ્વસવાર સતીશભાઈ રમેશભાઈ સોલંકીની નજર દરિયામાં તરતી લાશ પર પડી હતી. તેમણે તરત અન્ય અશ્વસવારો હિરેન ગણેશ ગરેજા, રાહુલ અશોક વાજા, અકબર હનીફ સુમરા વગેરેની મદદથી લાશને દરિયાકાંઠે બહાર કાઢી અને પ્રભાસ પાટણ પોલીસને જાણ કરી હતી. લાશને તુરંત કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખસેડી પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી હતી. મૃતકની ઉંમર આશરે ૪૦ થી ૪૫ વર્ષ હોવાનું અનુમાન છે. હાલ સુધી મૃતકની ઓળખ થઈ શકી નથી. ઘટના અંગે વધુ તપાસ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના ASI કે.બી. પરમાર દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.



તસવીર : કૈલાશ ભટ્ટ


